નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper




એરપોર્ટ પાસે બીયુ-ફાયર એનઓસી છે કે નહીં?: કોંગ્રેસનો ધગધગતો સવાલ

જુઓ પેજ નં.૦૩

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :2 JULY 2024 | TUESDAY | Page :15 | Year : 2 | Issue :81 | Price: 2/-



# શિવજી અમારી પ્રેરણા; વિપક્ષ નેતા રાહુલ ગાંધી

# હિંદુઓને હિંસક કહેવુ ગંભીર :મોદી



નવી દિલ્હી તા.૧

સંસદ સત્રનો છઠ્ઠા દિવસે છે. લંચ બાદ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું- શિવજીનો ફોટો જુઓ, જમીનમાં ત્રિશૂળ કોતરેલું છે. તે અહિંસાની વાત કરે છે. તમે લોકો આખો દિવસ પોતાને હિંદુ કહો છો અને હિંસાની વાતો કરો છો. તમે લોકો (ભાજપના સાંસદો તરફ ઈશારો કરીને) બિલકુલ હિંદુ નથી. તેના પર પીએમ મોદીએ વચ્ચે પડીને કહ્યું- સમગ્ર હિન્દુ સમાજને હિંસક કહેવું ખોટું છે. જેના જવાબમાં રાહુલે કહ્યું કે , અને એ આખો હિન્દુ સમાજ નથી. આ અંગે સંસદમાં હોબાળો શરૂ થયો હતો. અમિત શાહે રાહુલ ગાંધી પાસે માફી માંગવાની માંગ કરી હતી.આ પહેલા રાહુલે શિવજીનો ફોટો બતાવીને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. પહેલા તેમને લોકસભા સ્પીકરે એમ કહીને રોક્યા કે કોઈપણ ફોટો બતાવવાની મંજૂરી નથી. બાદમાં, શિવના સાપ અને ત્રિશૂળમાંથી તેમની પ્રેરણા સમજાવતી વખતે, રાહુલે શિવનો ફોટો બતાવ્યો અને જય મહાદેવ કહ્યું.

આ પહેલા રાહુલે કહ્યું- સરકારના કહેવા પર કેન્દ્રીય તપાસ એજન્સીઓએ પણ મારા પર હુમલો કર્યો. મારી ૫૫ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી. આ બધું વડાપ્રધાનના કહેવાથી થયું છે.રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું- ની વિચારધારા દેશ માટે ખતરનાક છે. તેના પર અધ્યક્ષ જયદીપ ધનખરે કહ્યું- દેશ માટે કામ કરે છે.સારા લોકો આમાં સામેલ છે. તેના પર ખડગેએ કહ્યું- ની વિચારધારા મનુવાદી છે. રાજ્યસભામાં ગૃહના નેતા જેપી નડ્ડાએ રાજ્યસભાની કાર્યવાહીમાંથી તેમના નિવેદનને હટાવવાની માંગ કરી હતી. ધનખરે તેમની માંગ પર કાર્યવાહીમાંથી નિવેદન હટાવ્યું. રાહુલે કહ્યું- અયોધ્યાએ બીજેપીને મેસેજ કર્યો રાહુલે કહ્યું- ભગવાન રામની જન્મભૂમિએ ભાજપને સંદેશ આપ્યો છે. સંદેશ આગળ છે. ( અવધેશ પ્રસાદ તરફ ઈશારો કરીને) મેં અવધેશ પ્રસાદને પૂછ્યું કે તમને ક્યારે લાગ્યું કે તમે જીતવાના છો. તો તેણે કહ્યું - પહેલા દિવસથી. તેમણે કહ્યું- અયોધ્યામાં એરપોર્ટ બન્યું, લોકો પાસેથી જમીન છીનવાઈ, વળતર આજ સુધી મળ્યું નથી.

# હરિદ્વારમાં ભારે વરસાદ-પૂરમાં કાર સહિતના વાહનો તણાઈ ગયા

## માર્ગો જળબંબાકાર બન્યા મકાનોમાં પાણી ઘૂસ્યા

હરિદ્વાર, તા.૧

દેશના મોટાભાગના રાજ્યોમાં ચોમાસાએ જમાવટ કરી છે ત્યારે ઉત્તરાખંડના હરિદ્વારમાં ભારે વરસાદથી નદી ગાંડીતૂર બનતા અને પૂરની હાલત સર્જાતા કાર સહિતના સંખ્યાબંધ વાહનો તણાઈ ગયા હતા. સુખી નદી પાસે પાર્ક કરાયેલા ડઝનબંધ વાહનો નદીનું જળસ્તર વધી જવાથી તણાઈ ગયા હતા. નદી-પૂરના પાણી મકાનોમાં પણ ઘુસી ગયા હતા. માર્ગો જળબંબાકાર થતાં ભાવિકો તથા સ્થાનિક લોકો પરેશાનમાં મુકાયા હતાં.હરિદ્વારના અધિકારીઓએ કહ્યું કે સુખી નદી સામાન્ય રીતે સુકી જ રહેતી હોય છે અને કાયમી ધોરણે લોકો જ્યાં વાહન પાર્ક કરતાં હોય છે. અને કાયમી ધોરણે લોકો જ્યાં વાહન પાર્ક કરતાં હોય છે ભારે વરસાદને કારણે એકાએક નદીમાં પૂર ઉમટ્યું હતું અને પાણીના ધસમસતા પ્રવાહમાં વાહનો તણાઈ ગયા હતા. આ નદી નાની છે અને થોડા અંતરે જ ગંગા નદી સાથે જોડાય જાય છે. કાર સહિતના વાહનો નદીમાં તણાઈ જતાં હર કી પૌડી પરથી લોકોએ વીડીયો ઉતાર્યા હતા અને તે વ્યાપક વાઈરલ થયા છે. ભારતીય હવામાન વિભાગે ઉત્તરાખંડ સહિત ઉત્તર પશ્ચિમી રાજ્યો માટે ભારે વરસાદની આગાહી કરી છે અને ચોમાસાના આગળ વધવા માટે પરિસ્થિતિ સાનુકુળ હોવાનું જાહેર કર્યું છે.

# નવા કાનૂનમાં દંડ નહીં, ન્યાયનો ઉદ્દેશ કેન્દ્રીય ગૃહમંત્રી શાહ

## નવા આપરાધિક કાનૂનને લઈને વિપક્ષો હંગામો મચાવે છે પણ તેમાં શોર મચાવવા જેવુ નથીઃ શાહ

નવી દિલ્હી તા.૧

દેશમાં ૧ જુલાઈથી નવા આપરાધીક કાનુન લાગુ થઈ ગયા છે. જુના આઈપીસી-સીઆરપીસીના મુકાબલામાં આ કાયદામાં અનેક અંતર છે. આ ત્રણ કાયદાઓમાં નવી ધારાઓને સામેલ કરવામાં આવ્યા છે અને અનેક ધારાઓને ખતમ કરવામાં આવ્યા છે. દરમિયાન આ કાયદાઓને લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. રિમાન્ડનો સમય નથી વધ્યો અમીત શાહે જણાવ્યું હતું કે વિપક્ષ આરોપ લગાવી રહ્યા છે કે રિમાન્ડના દિવસો વધારી દીધા છે, પણ આ બધા માત્ર ભ્રમ ફેલાવવાની કોશીશ છે. તેમણે કહ્યું હતું કે ૧૫ દિવસ જ હશે રિમાન્ડ પણ ૧૫ દિવસની અપર લિમિટ હશે.



તેમણે જણાવ્યું હતું કે જો કોઈ આરોપી ૧૫ દિવસ હોસ્પિટલમાં ભરતી થઈ જાય તો શું પુછપરછ હશે એટલે ૧૫ દિવસની અપર લિમિટ રખાઈ છે. શાહે વધુમાં જણાવ્યું હતું કે હવે કાગળના મોટા જથ્થાની જરૂર નહીં પડે. રેપના કેસમાં મોતની સજાની જોગવાઈ છે. ચાર્જશીટને પણ ડિજીટલ કરી દીધુ છે. શાહે જણાવ્યું હતું કે આઈએસ, આઈપીએસના સૂચનો લઈને કાયદા બનાવ્યા છે. ગૃહમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે નવા આપરાધિક કાયદાનો ઉદેશ દંડ નહી ન્યાયનો છે.ભારતીય ન્યાયિક સંહિતા ()માં સગીર પત્ની સાથેના શારીરિક સંબંધને પણ બળાત્કાર ગણવામાં આવ્યો છે. સગીર પત્નીની સહમતી હોય તો પણ આ પ્રકારનો સંબંધ બળાત્કાર જ ગણાશે.



## તંત્રી લેખ
–રાજેશ ચુ. બગડાઇ

# વિકાસલક્ષી સંકેતો



લોકસભાના નવા સત્ર પહેલાં સંસદમાં રાષ્ટ્રપતિનું સંબોધન એ માત્ર બંધારણીય પ્રક્રિયા નથી, કારણ કે તે સામાન્ય રીતે આગામી પાંચ વર્ષની સરકારની નીતિઓ અને યોજનાઓની રૂપરેખા દર્શાવે છે. ૧૮મી લોકસભાની શરૂઆત પછી સંસદના પ્રથમ સંયુક્ત સત્રને સંબોધિત કરતી વખતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જે કહ્યું તે ઘણી રીતે મહત્વપૂર્ણ છે. આ સંબોધન ત્યારે આવ્યું જ્યારે નરેન્દ્ર મોદીનો વડાપ્રધાન તરીકેનો ત્રીજો કાર્યકાળ શરૂ થયો, પરંતુ આ તે ટર્મ છે જ્યાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના ભાગીદારોની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે અગાઉના બે પ્રસંગની જેમ આ વખતે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ને પોતાની મેળે એકલપંથી બહુમતી મળી શકી નથી. વ્યાપક સામાજિક-રાજકીય ચર્ચાને અનુરૂપ એવા સમયે રાષ્ટ્રપતિએ સંબોધન કર્યું જ્યારે રોજગાર, ખાસ કરીને યુવા બેરોજગારી એક નિર્ણાયક મુદ્દો છે અને સ્થાનિક અને વિદેશી વ્યવસાયો દ્વારા રોકાણ નબળું પડ્યું છે. આવી સ્થિતિમાં, આ ભાષણમાંથી અપેક્ષા રાખવામાં આવી હતી કે નીતિની દિશાને લઇને મહત્વપૂર્ણ બાબતો કહેવામાં આવશે. આ પ્રવચનમાં સરકારની ભૂતકાળની સિદ્ધિઓ વિશે વિસ્તારપૂર્વક વાત કરવામાં આવી હતી, જે થોડીક વધુ પડતી અને સ્વસ્તુતિયુક્ત હતી. કેવી રીતે ભારત દસ વર્ષ પહેલાં વિશ્વની ૧૧મી સૌથી મોટી અર્થવ્યવસ્થા હતી તેમાંથી હવે પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા અને હાલમાં વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની છે એનું મહિમાગાન પણ આ અભિભાષણમાં વ્યક્ત થયું. આ સંજોગોનો શ્રેય 'રિફોર્મ, પરફોર્મ એન્ડ ટ્રાન્સફોર્મ'ને આપવામાં આવ્યો હતો.

આર્થિક વૃદ્ધિના મોરચે, તે રેખાંકિત કરવામાં આવ્યું હતું કે કોવિડ પછી, ૨૦૨૧ અને ૨૦૨૪ વચ્ચે વૃદ્ધિનો અવકાશ વાષક ધોરણે ૮ ટકા રહ્યો છે અને રહેશે. એકંદરે, સંબોધનમાં તમામ રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર સ્પર્શ કરવામાં આવ્યો હતો. ગરીબી નાબૂદી, પર્યાવરણને અનુકૂળ અર્થવ્યવસ્થા, ખેડૂતો અને મહિલાઓના સશક્તિકરણ વગેરે પર સરકારનું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જે વિષયો પર ભૂતકાળમાં ઘણો વિરોધ થયો છે તેનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ઉદાહરણ તરીકે, ભાષણમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે સરકારે વિવાદાસ્પદ નાગરિકતા સુધારા કાયદા હેઠળ નાગરિકતા આપવાનું શરૂ કર્યું છે, કેવી રીતે ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો છેલ્લી ચૂંટણીમાં ફરી એકવાર અસરકારક સાબિત થયા હતા અને કેવી રીતે કલમ ૩૭૦ નાબૂદ કરવાથી જમ્મુ અને કાશ્મીર રાજ્યના વિશેષ દરજ્જામાં તથા જનજીવનમાં ફેરફાર આવ્યો. રસપ્રદ વાત એ છે કે ભાષણમાં તેઓ પરીક્ષા સંબંધિત સંસ્થાઓમાં વ્યાપક ફેરફારો કરવાના વચનથી પાછળ હટયા નથી. આ નેશનલ ઈલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (શઇઇ)ના તાજેતરના પેપર લીક સાથે સંબંધિત બાબત છે. ધ્યાનમાં રાખો કે આ પરીક્ષા કેન્દ્ર સરકારની એક સંસ્થાના નેતૃત્વ હેઠળ લેવામાં આવે છે. રાષ્ટ્રપતિના સંબોધનમાં એવા મજબૂત સંકેતો હતા કે સરકાર આગામી સામાન્ય બજેટ માટે પોતાની પ્રતિબદ્ધતાઓને પ્રતિબિંબિત કરવા તૈયારી કરી રહી છે. મુર્મુના સંબોધનમાં સ્પષ્ટપણે સમજાવ્યું કે કેવી રીતે આગામી બજેટ સરકારની દૂરગામી અને આગળ દેખાતી નીતિઓ અને વિઝનનો અસરકારક દસ્તાવેજ બની રહેશે. મુર્મુએ વચન આપ્યું હતું કે બજેટમાં મુખ્ય આર્થિક અને સામાજિક નિર્ણયો સાથે ઘણા ઐતિહાસિક પગલાં પણ જોવા મળશે. તેમણે કહ્યું કે બજેટ સુધારાની ગતિને વેગ આપશે અને આ ઝડપી વિકાસ માટે દેશના લોકોની આકાંક્ષા સાથે સુસંગત હશે. આમાં મહત્ત્વની બાબત એ હતી કે વિશ્વભરમાંથી રોકાણ આકર્ષવા માટે રાજ્યો વચ્ચે તંદુરસ્ત સ્પર્ધાને પ્રોત્સાહન આપવું. તેમણે કહ્યું કે આમ કરવું સ્પર્ધાત્મક સહકારી સંઘવાદની સાચી ભાવના સાથે સુસંગત રહેશે. લોકસભાના વર્તમાન સ્વરૂપમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર જોરશોરથી ચર્ચા થવાની અપેક્ષા છે,

# રાજકોટ શહેરમાં ૩૦ કલાકમાં વધુ અઢી ઈંચ વરસાદ મોસમનો ૭.૫ ઈંચ થયો

### રવિવારે દિવસ અને રાત્રી દરમ્યાન દોઢ અને આજે બપોર સુધીમાં વધુ ૧–ઈંચ પાણી વરસી ગયું બપોરે પણ વરસાદી માહોલ યથાવત આજે પણ શહેર–જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

રાજકોટ,તા.૧

ગઈકાલે રવિવારે આખો દિવસ અને રાત્રી બાદ આજરોજ પણ સવારથી જ મેઘરાજાએ રાજકોટ શહેર ઉપર હેત વરસાવવાનું ચાલુ રાખેલ હતું. આજે સવારથી બપોર દરમ્યાન ધુંપ-છાંવ વચ્ચે એક ઈંચ વરસાદ વરસી ગયો હતો. જયારે, ગઈકાલે પણ આખો દિવસ અને રાત્રી દરમ્યાન દોઢ ઈંચ જેટલું પાણી વરસી ગયું હતું.એકંદરે છેલ્લા ૩૦ કલાક દરમ્યાન રાજકોટ શહેરમાં ૨.૫ ઈંચ જેટલો નોંધપાત્ર વરસાદ વરસી જતા શહેરી જનોને ભારે બફારામાંથી મુકિત મળી છે. અને ઠંડકથી રાહત થવા પામી છે.છેલ્લા ૩૦ કલાક દરમ્યાન અઢી ઈંચ મળી શહેરમાં મોસમનો કુલ વરસાદ ૭.૫ ઈંચ થઈ ગયો છે.ઉલ્લેખનીય છે કે, ગઈકાલે રવિવારે સવારે ૮.૩૦ થી આજે સવારે ૮.૩૦ સુધીમાં શહેરમાં દોઢ ઈંચ પાણી વરસી ગયુ હતું.

ગઈકાલે રવિવારની રજામાં મેઘરાજાએ સતત હેત વરસાવતા નગરજનોએ વરસાદમાં નાવાની મોજ સાથે ગરમ ગાંઠીયા અને ભજીયાની ભરપૂર આનંદ ઉડાવી હતી.રવિવારે દિવસ દરમ્યાન હળવોથી મધ્યમ અને રાત્રીનાં પણ હળવોથી મધ્યમ વરસાદ પડયો હતો. દરમ્યાન આજે સોમવારે પણ સવારથી જ રાજકોટ શહેરમાં ધુંપ-છાંવ વચ્ચે બપોરે બે -વાગ્યા સુધીમાં ૧ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો.ફાયરબ્રિગેડ અનુસાર આજે બપોરે બે વાગ્યા સુધીમાં શહેરના વેસ્ટઝોનમાં ૨૪ મી.મી, ઈસ્ટઝોનમાં ૧૫ મી.મી, તથા સેન્ટ્રલઝોનમાં ૧૯ મી.મી, વરસાદ પડયો હતો.એકંદરે આજરોજ બપોર સુધીમાં ૧ ઈંચ વરસાદ પડયો હતો.

અને હજુ પણ આકાશમાં વાદળો ઘેરાયેલા છે.ઉલ્લેખનિય છે કે રાજકોટ શહેરમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ વરસાદ ૭.૫ ઈંચ થી વધુ થઈ ગયો છે. રાજકોટ ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ સેન્ટ્રલઝોનમાં કુલ-૧૮૬ મી.મી, ઈસ્ટઝોનમાં -૧૪૮ મી.મી, અને વેસ્ટઝોનમાં ૧૬૭ મી.મી, વરસાદ નોંધાયો છે. દરમ્યાન આજે પણ બપોરે ભેજવાળા હવામાન વચ્ચે શહેરમાં ધુંપ-છાંવ ભર્યુ વાતાવરણ રહેવા પામ્યું હતું.અને હવામાન વિભાગે આજે પણ રાજકોટ શહેર અને જિલ્લામાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની આગાહી કરી છે.

### ગુજરાતનો પ્રથમ કેસ ચિલોડા પોલીસ મથકે નોંધાયો

# નવા કાયદા હેઠળ રાજ્યમાં પ્રથમ દિવસે ૧૬૪ કેસ નોંધવામાં આવ્યા

### પોલીસ અધિકારીઓને નવા કાયદાને લઇ મથામણ કરવી પડીઃ કાયદાકીય નિષ્ણાંતોની મદદથી મોટાભાગના ગુના નોંધાયા

અમદાવાદ.તા.૨

આજથી સમગ્ર દેશમાં નવા ત્રણ કાયદા ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમનો અમલ શરૂ કરાયો છે. જે અંતર્ગત રાજ્યમાં પ્રથમ દિવસે ૧૬૪ ગુના નોંધવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ગુનો ગાંધીનગરના ચિલોડા પાલીસ મથકે નોંધવામાં આવ્યો હતો. જો કે પોલીસ અધિકારીઓને નવા કાયદાની કલમનો લઈને ગુનો નોંધવામાં મથામણ કરવી પડી હતી. આજથી સમગ્ર દેશમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩નો અમલ શરૂ કરાયો હતો. ગુજરાતમાં આ ત્રણ નવા કાયદાના અનુસંધાનમાં સાંજના પાંચ વાગ્યા સુધી ૧૬૪ ગુના નોંધાયા હતા. જ્યારે નવા કાયદા મુજબ રાજ્યનો પ્રથમ ગુનો ગાંધીનગરના ચિલોડા પોલીસ મથકે પહેલી



તારીખે રાતના એક વાગે નોંધાયો હતો. જે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૫ હેઠળ વાહનચાલક સામે નોંધવામાં આવ્યો હતો.

જો કે નવા કાયદાના અમલના પ્રથમ દિવસે અનેક પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને સ્ટાફને થોડી મથામણ કરવી પડી હતી અને નિષ્ણાંતોની મદદ લઈને ગુનો નોંધવાની કામગીરી કરવામાં આવી હતી. આ અંગે ગુજરાત પોલીસના લૉ એન્ડ ઓર્ડરના ડીઆઈજી દીપક મેઘાણીએ જણાવ્યું કે ઈ-ગુજકોપમાં નવા કાયદાની તમામ કલમોની વિગતો અપલોડ કરવામાં આવી હોવાને કારણે કામગીરી પ્રમાણમાં ખુબ જ સરળ રહી હતી.




# એરપોર્ટ પાસે બીયુ-ફાયર એનઓસી છે કે નહીં?: કોંગ્રેસનો ધગધગતો સવાલ

**કેનોપી તૂટી પડવાની ઘટનામાં જવાબદાર એજન્સીને પેનલ્ટી કરોઃ નબળા બાંધકામના કારણે બનાવ બન્યોઃ અધિકારીઓ-સ્ટાફ જવાબ દેતા નથી ત્યારે મુસાફરોએ શું પ્રધાનમંત્રીને ફરિયાદ કરવીઃ કોંગ્રેસ આગેવાનોએ એરપોર્ટ ડીરેકટરને આપ્યુ આવેદનપત્ર**

રાજકોટ તા.૧ઃ

વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેકટ હેઠળ રાજકોટના હીરાસર નજીક બનેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ૧૪૦૦ કરોડ ઉપરાંતના ખર્ચે નિર્માણ થયુ છે ત્યારે ગત શનિવારે એરપોર્ટના ટર્મિનલમાં સામાન્ય વરસાદનાં કેનોપી તુટી પડતા સદભાગ્યે મોટી દુર્ઘટના ટળી હતી. આ અંગે શહેર કોંગ્રેસ સમીતીનાં પ્રમુખ અતુલ રાજાણી, જશવંતસિંહ ભટ્ટી, રાજદીપસિંહ જાડેજા, ગોપાલભાઈ અનડકટ, મેઘજીભાઈ રાઠોડ વિ.એ એરપોર્ટ ડિરેકટરને આવેદનપત્ર આપી ૧૧ જેટલા મુદાઓનો જવાબ આપવા માંગણી કરતા એરપોર્ટનો વિવાદ ફરી ચર્ચામાં આવ્યો છે.

કોંગ્રેસે આગેવાનોએ આપેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ થયું ત્યાંથી જ કંઈક ને કંઈક અજુગતુ બની રહ્યું છે. એરપોર્ટના તંત્રવાહકો પેસેન્જર્સને સુવિધા આપવામા નિષ્ફળ રહ્યા છે એટલું જ નહી પરંતુ સલામતીનો અહેસાસ કરાવવામાં પણ નિષ્ફળ રહ્યાં છે. હિરાસર એરપોર્ટના બેદરકાર તંત્રન કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકોટ બદનામ થઈ રહ્યું છે. હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ બદનામ થઈ જતા મુસાફરો કરી અમદાવાદ એરપોર્ટથી ટ્રાવેલ કરવા લાગ્યા છે. કેનોપી તુટી પડવાની ઘટના બીજી વખત બની છે, હવે ત્રીજી વખત ન બને તેની તકેદારી દેજો. શું એરપોર્ટનું બાંધકામ જ નબળુ થયુ છે? નહીં તો આવી ઘટનાઓ ન બને! તા.૨૯/૦૬/૨૦૨૪ને શનિવારે કેનોપી તુટી પડવાની દુર્ઘટના અંગે શું તપાસ કરાઈ? કોની સામે પગલા લેવાયા? તેની વિગતો જાહેર કરો. આવી દુર્ઘટના કેમ બની અને તે મામલે કોની જવાબદારી ફિકસ થાય છે તે મુસાફર જનતાના વિશાળ જાહેર હિતમાં સતાવાર પ્રેસ રિલીઝ ઈસ્યુ કરીને જનતાને જણાવશો તેવી રાજકોટ શહેર કોંગ્રેસ સમીતીના સર્વે હોદેદારો, આગેવાનો અને કાર્યકર્તાઓની માંગણી છે.

આવેદનપત્રમાં વધુમાં ૧૧ જેટલા મુદાઓની રજુઆતમાં એરપોર્ટ ડિરેકટર દિગંત બોરહા મુસાફરોનાં ફોન રિસીવ કરતા નથી ફરિયાદ કોને કરવી? એરપોર્ટના જનરલ મેનેજર (એન્જીનીયરીંગ) મુસાફરોનાં ફોન કેમ ઉપાડતા નથી? તેમને લગતી ફરિયાદ કોને કરવી? હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર કેનોપી તૂટી પડવાની ઘટના કેટલી વખત બની? ઈન્ટરનેશનલ એરપોર્ટના ટોઈલેટ-વોશ બેસનમાં અવારનવાર પાણી કેમ બંધ થઈ જાય છે? કેનોપી તુટી જવાની દુર્ઘટનામાં કોની સામે શું પગલા લેવાયા? સાથોસાથ ચાર મહિનામાં કોઈ દુર્ઘટના ન બને તે માટે તંત્રની શું તૈયારી છે? એરપોર્ટનો પ્રિ-મોન્સુન પ્લાન શું છે તેની વિગતો જાહેર કરો; એરપોર્ટ મુસાફરોની સલામતી માટેની એડવાઈઝરીનું પાલન કરે છે કે નહીં? એરપોર્ટમાં જરૂરી સુવિધાઓ કેમ નથી? તેનો ખુલાસો કરો, એરપોર્ટના નબળુ બાંધકામ થયુ છે? એજન્સી સામે શું પગલા લીધા? હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસે બીયુ ફાયર એનઓસી છે કે નહી? તેવી વિગતો જાહેર કરવા કોંગ્રેસ આગેવાનો જશવંતસિંહ ભટ્ટી, રાજદીપસિંહ જાડેજા, ગોપાલભાઈ અનડકટ, મેઘજીભાઈ રાઠોડ વિ.એ માંગણી ઉઠાવી છે.

# રેલનગર અને ચુનારાવાડમાં પતા ટીંચતા એક મહિલા સહિત 11 ઝડપાયા

રાજકોટ તા.૨

શહેરનાં રેલનગર અને ચુનારાવાડ વિસ્તારમાંથી પત્તા ટિંચતા એક મહિલા સહિત ૧૧ ઝડપાયાં હતાં. પોલીસે રૂ૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી હતી.પ્રાપ્ત વિગત મુજબ પ્રધ્યુમન નગર પોલીસ મથકનાં એ.એસ.આઈ. સી.એમ. ચાવડા, હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ડાંગર તથા કોન્સ્ટેબલ જયેન્દ્રસિંહ પરમાર, ચાપરાજભાઈ ખવડ, તોફીકભાઈ મંધરા, બ્રીંદાબેન ગોહેલ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન ખાનગી રાહે હકીકત મળેલ કે રેલનગર કર્ણાવતી સ્કુલની બાજુમાં આવેલ અમૃત સરીતા સોસાયટીમાં મેઈન રોડ ઉપર આવેલ રિધ્ધી કેટ્રસ બોર્ડ મારેલ મકાનમાં વર્ષાબેન વિજયભાઈ જાખેલીયા પોતાની માલીકીના મકાનમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડે છે.જે બાતમીના આધારે દરોડો પાડી વર્ષાબેન વિજયભાઈ જાખેલીયા (ઉ.વ ૬૧), રમેશભાઈ ઉર્ફે દિલીપ બટુકભાઈ ડાભી (ઉ.વ ૩૩, રહે.પોપટપરા મેઈન રોડ રામાપીરના મંદીરની બાજુમાં), પરેશ ઉર્ફે બાલી મહેન્દ્રભાઈ સવાણી (ઉ.વ.૪૨, રહે. પોપટરપરા શેરી નં ૧૨), રાજેશભાઈ મહેન્દ્રભાઈ સવાણી (ઉ.વ ૪૬, રહે.પોપટરપરા શેરી નં ૧૨), વિરજીભાઈ જેરામભાઈ પરસોડા (ઉ.વ.૬૧, રહે.મવડી ચોકડી શ્રીનાથજી સોસાયટી શેરી નં-૧૨) ને દબોચી લીધા હતા. પોલીસે ત્રણ મોબાઈલ સહિત રૂપ, ૪૯૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ ઉપરાંત થોરાળા પોલીસ મથકનાં એ.એસ.આઈ. દેવશીભાઈ ખાંભલા, રાજેશભાઈ મેર, હેડ કોન્સ્ટેબલ જયદિપસિંહ જાડેજા તથા કિરણભાઈ પરમાર, જયરાજસિંહ કોટીલા, પ્રકાશભાઈ ચાવડા તથા કોન્સ્ટેબલ સંજયભાઈ અલગોતર, કિરણબેન ઓતરાજીયા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો.

# વિદેશથી આવેલ પાર્સલમાં ડોકયુમેન્ટનો દુરૂપયોગ થયાના બહાને રૂ.11.27 લાખની સાયબર છેતરપીંડી

## સાયબર ફ્રોડમાં ગયેલ કુલ રૂ.20 લાખમાંથી સાયબર ક્રાઈમની ટીમે રૂ.12.82 લાખ પરત કરાવ્યા

■ બ્લુડાર્ટ કુરીયર, હોટલ બુકિંગ, ડ્રીમ ઈલેવનમાં જીતેલી રકમ ઉપાડવાના બહાને શહેરીજનો સાથે સાયબર ફ્રોડ આચરતા ગઠીયાઓ

રાજકોટ તા.૨

સાયબર ગઠીયાઓ ચેનકેન પ્રકારે લોકોને પોતાની ઝાળમાં ફસાવી ઓનલાઈન રૂપિયા પડાવી લેતા હોય છે ત્યારે વધુ પાંચ શહેરીજનો સાયબર ફ્રોડનો ભોગ બનતા સાયબર ક્રાઈમની ટીમે તપાસ હાથ ધરી સાયબર ફ્રોડમાં ગયેલ કુલ રૂ.૨૦ લાખમાંથી રૂ.૧૨.૮૨ લાખ પરત અરજદારોને કરાવ્યા હતા.

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ ભરત બસીયાએ લોકો સાથે થતી સાયબર છેતરપીંડી અટકાવવા માટે અને ડીટેકશન કરવા માટેની આપેલ સૂચનાથી પીઆઈ એમ.એ.ઝણકાંત, કે.જે.મકવાણા, આર.જી. પઢીયાર સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી સાયબર ફ્રોડમાં પાંચ અરજદારોને ગયેલ કુલ રૂપિયા ૨૦ લાખમાંથી ૧૨.૮૨ લાખ પરત કરાવ્યા હતા.જેમાં અરજદાર શ્યામ પંડયા નામના શહેરીજનને તેના નામથી વિદેશથી પાર્સલ આવેલ હોય જેમાં ડોકયુમેન્ટનો દુરુપયોગ થવાના બહાને ખોટી ઓળખ આપી ફ્રોડ કોલ મારફતે રૂપિયા ૧૧.૨૭ લાખ પડાવી લીધેલ હતા જેમાં સાયબર ટીમે રૂ.૪.૯૯ લાખ પરત કરાવ્યા હતા.

જયારે અરજદાર રાજુભાઈ ભંડેરી સાથે બ્લુડાર્ટ કુરીયરના નંબર ગુગલમાં સર્ચ કરી એપ્લીકિશન ડાઉનલોડ કરતા જ રૂ.૧.૨૨ લાખ ગઠીયાએ ટ્રાન્સફર કરાવી લીધા હતા જેમાં સાયબર ક્રાઈમે રૂ.૪૩ હજાર પરત કરાવ્યા હતા. તેમજ મુંબઈના રહેવાસી જુહીબેન દીનેશભાઈ ભોસલે સાથે હોટલ બુકીંગના બહાને ક્રેડીટ કાર્ડમાંથી રૂ.૧.૯૨ લાખ ફ્રોડથી ટ્રાન્સફર કરી નાંખેલ જે અંગે સાયબર ક્રાઈમની ટીમે રૂ.૧.૯૨ લાખ પરત કરાવ્યા હતા. તેમજ અરજદાર મુનાફભાઈ રજાકભાઈ લખવા એ ડ્રીમ ઈલેવન ફેન્ટેસી એપ.માં કોન્ટેસ્ટમાં પહેલા નંબર પર આવીને રૂ.૪ લાખ જીતેલ હોય જે તેમના ખાતામાં આવી ગયેલ હોય છતાં વિડ્રો ન થતા ગુગલ પરથી સર્ચ કરી કોલ કરતા ગઠીયાએ ખોટી ઓળખ આપી રૂ.૪ લાખ પડાવી લીધા હતા જે સાયબર ક્રાઈમની ટીમે પુરેપુરી રકમ પરત કરાવી હતી.

તેમજ વધુ એક અરજદારને તમારા મોબાઈલ નંબર એકસપાયર થઈ જશે તેમ કહી ગઠીયાએ રૂ.૯૬ હજાર પડાવી લીધેલ હતા તેમાંથી સાયબરની ટીમે રૂ.૩૮૦૦૦ પરત કરાવ્યા હતા.

# નવાગામમાં મારૂતી એન્ટરપ્રાઈઝમાંથી થયેલ ટીવી અને હોમ થીયેટરની ચોરીનો ભેદ ઉકેલાયો ચાર ઝડપાયા

## શોરૂમમાંથી 10 ટીવી અને બે હોમ થીયેટર તસ્કરો ઉઠાવી નાસી છુટયાતા કુવાડવા રોડ પોલીસે ગણતરીની કલાકોમાં નવાગામના ચાર શખ્સોને દબોચી રૂ.2.50 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



રાજકોટ તા.૨

નવાગામમાં આવેલ મારૂતી એન્ટરપ્રાઈઝના શો રૂમમાંથી થયેલ રૂ. અઢી લાખના ટીવી અને હોમ થીયેટરની ચોરીનો ભેદ કુવાડવા રોડ પોલીસે ગણતરીની કલાકોમાં ઉકેલી નવાગામના જ ચાર શખ્સોને ઝડપી ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બનાવ અંગેની વિગત મુજબ નાનામવા રોડ પર જીવરાજ પાર્કમાં સ્પીડવેલ હાઈટ્સમાં રહેતા વિવેકભાઈ રજનીકાંતભાઈ ચનીયારા (ઉ.૨૯)એ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું હતું કે તેઓને નવાગામમાં મારૂતી એન્ટરપ્રાઈઝ નામનો શોરૂમ ધરાવે છે

જેમાં તેઓ ઈલેકટ્રોનીકસ વસ્તુઓનું વેચાણ કરે છે. ગઈ તા.૨૯ના તેઓ શોરૂમ બંધ કરી ઘરે ગયા બાદ બીજા દિવસે પરત ફરતા શોરૂમનું તાળુ તૂટેલુ હતું અને અંદરથી ૧૦ ટીવી બે હોમ થીયેટર, બે સાઉન્ડ બાર મળી કુલ રૂ.૨.૫૦ લાખનો મુદામાલ કોઈ અજાણ્યા શખ્સો ચોરી ગયાનું જાણવા મળતા ફરીયાદ નોંધાવી હતી.બનાવ અંગેની ફરીયાદ પરથી કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ વી.આર. રાઠોડ અને ટીમે તપાસ હાથ ધરી હતી. દરમ્યાન પીએસઆઈ અજય નિમાવત અને ટીમને મળેલ ચોકકસ બાતમીના આધારે શોરૂમમાંથી ચોરી કરનાર હેમાંગ જગદીશ ઝીંઝુવાડીયા (ઉ.૧૯) સુનીલ રણછોડ મોરવાડીયા (ઉ.૨૦) દર્શન જાદવ ગોધાણી (ઉ.૨૧) અને ભાવીન વિનોદ મોરવાડીયા (ઉ.૧૯) રહે. તમામ નવાગામને ગણતરીની કલાકોમાં દબોચી ચોરીમાં ગયેલ તમામ રૂ.૨.૫૦ લાખનો મુદામાલ કબ્જે કરી પૂછતાછ હાથ ધરી હતી. પૂછતાછમાં તસ્કરોએ જણાવ્યું હતું કે તેઓએ મોજશોખ માટે રૂપિયા ઘટતા ચોરી કરી હતી.


# રેલનગર અને ચુનારાવાડમાં પતા ટીંચતા એક મહિલા સહિત 11 ઝડપાયા





રાજકોટ તા.૨

શહેરનાં રેલનગર અને ચુનારાવાડ વિસ્તારમાંથી પત્તા ટિંચતા એક મહિલા સહિત ૧૧ ઝડપાયાં હતાં. પોલીસે રૂ૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી હતી.પ્રાપ્ત વિગત મુજબ પ્રધ્યુમન નગર પોલીસ મથકનાં એ.એસ.આઈ. સી.એમ.ચાવડા, હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ડાંગર તથા કોન્સ્ટેબલ જયેન્દ્રસિંહ પરમાર, ચાપરાજભાઈ ખવડ, તોફીકભાઈ મંધરા, બ્રીંદાબેન ગોહેલ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન ખાનગી રાહે હકીકત મળેલ કે રેલનગર કર્ણાવતી સ્કુલની બાજુમાં આવેલ અમૃત સરીતા સોસાયટીમાં મેઈન રોડ ઉપર આવેલ રિધ્ધી કેટ્રસ બોર્ડ મારેલ મકાનમાં વર્ષાબેન વિજયભાઈ જાખેલીયા પોતાની માલીકીના મકાનમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડે છે.જે બાતમીના આધારે દરોડો પાડી વર્ષાબેન વિજયભાઈ જાખેલીયા (ઉ.વ ૬૧), રમેશભાઈ ઉર્ફે દિલીપ બટુકભાઈ ડાભી (ઉ.વ ૩૩, રહે.પોપટપરા મેઈન રોડ રામાપીરના મંદીરની બાજુમાં), પરેશ ઉર્ફે બાલી મહેન્દ્રભાઈ સવાણી (ઉ.વ.૪૨, રહે. પોપટરપરા શેરી નં ૧૨), રાજેશભાઈ મહેન્દ્રભાઈ સવાણી (ઉ.વ ૪૬, રહે.પોપટરપરા શેરી નં ૧૨), વિરજીભાઈ જેરામભાઈ પરસોડા (ઉ.વ.૬૧, રહે.મવડી ચોકડી શ્રીનાથજી સોસાયટી શેરી નં-૧૨) ને દબોચી લીધા હતા. પોલીસે ત્રણ મોબાઈલ સહિત રૂપ, ૪૯૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ ઉપરાંત થોરાળા પોલીસ મથકનાં એ.એસ.આઈ. દેવશીભાઈ ખાંભલા, રાજેશભાઈ મેર, હેડ કોન્સ્ટેબલ જયદિપસિંહ જાડેજા તથા કિરણભાઈ પરમાર, જયરાજસિંહ કોટીલા, પ્રકાશભાઈ ચાવડા તથા કોન્સ્ટેબલ કિરણબેન ઓતરાજીયા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો.

### લોકસભાની ચૂંટણીના ખર્ચના ઓબ્ઝર્વર માધવ મિશ્રા રાજકોટમાં

# આજે રાજકોટ લોકસભા બેઠકના તમામ ઉમેદવારો પાસેથી લેવાશે ખર્ચના હિસાબો

### કલેકટર કચેરીમાં કલેકટર-ડીડીઓની ઉપસ્થિતિમાં યોજાશે બેઠક હિસાબો રજૂ નહી કરી શકનારને ૧૫ દિવસનો વધુ સમય અપાશે

રાજકોટ તા.૧

લોકસભાની ચૂંટણી બાદ ઉમેદવારોએ ફાઈનલ હિસાબો ૩૦ દિવસમાં જમા કરાવવાના હોય રાજકોટ લોકસભા બેઠકના ખર્ચના ઓબ્ઝર્વર માધવ મિશ્રા ઉમેદવારો પાસેથી ફાઈનલ ખર્ચના હિસાબો લેવા માટે રાજકોટ આવી પહોંચ્યા છે. મંગળવારના સાંજના ૪ કલાકે જિલ્લા કલેકટર કચેરીમાં જિલ્લા કલેકટર પ્રભવ જોશી અને જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને આ અંગે બેઠક આયોજીત કરવામાં આવેલ છે. જેમાં રાજકોટ લોકસભા બેઠકના તમામ ઉમેદવારોને ચૂંટણી ખર્ચના ફાઈનલ હિસાબો રજૂ કરી દેવા માટે તાકીદ કરી દેવામાં આવી છે.

તેમ છતાં જો કોઈ ઉમેદવારો હિસાબ રજૂ ન કરી શકે તો તેઓને ૧૫ દિવસનો વધુ સમય આપવામાં આવશે. અહીં એ ઉલ્લેખનીય છેકે ચૂંટણી ખર્ચના હિસાબો જમા ન કરાવે તો ડીસ્કવોલીફાઈ તેવો નિયમ છે. લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારો માટે આ વખતે ખર્ચની મર્યાદા વધારીને ૯૫ લાખ નિયત કરવામાં આવી હતી.

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં આ વખતે ૯ જેટલા ઉમેદવારો વચ્ચે ચૂંટણીજંગ ખેલાયો હતો. જેમાં મુખ્ય જંગ ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા અને ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ પાર્ટીના પરેશ ધાનાણી વચ્ચે ખેલાયો હતો. આ ઉપરાંત ચમન સવસાણી (બસપા) પ્રકાશ સિંધવ (અપક્ષ) ભાવેશ આચાર્ય (અપક્ષ) નયનકુમાર ઝાલા (અપક્ષ) નિરલ અજાગીયા (અપક્ષ) જીજ્ઞેશ લોહાર (અપક્ષ) અને ભાવેશ પીપળીયા (અપક્ષ)એ ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું જેમાં ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ જંગી બહુમતી સાથે વિજય મેળવ્યો હતો. હવે આવતીકાલે ખર્ચના ઓબ્ઝર્વર માધવ મિશ્રા તમામ ઉમેદવારો પાસેથી ખર્ચના હિસાબો લેશે.

## તમામ વીવીપેટમાંથી થર્મલ પેપર રોલ કઢાયા

### સુપ્રિમ કોર્ટના આદેશના પગલે મામલતદારો-સ્ટાફ દ્વારા કામગીરી

રાજકોટના માધાપર સ્થિત ઈવીએમ વેરહાઉસમાં સુપ્રિમ કોર્ટની સુચના મુજબ આજે રાજકોટ લોકસભા બેઠકના તમામ વીવીપેટમાંથી થર્મલ પેપર રોલ કાઢવાની કામગીરી કરવામાં આવી હતી. તમામ તાલુકા મામલતદારો અને સ્ટાફની ઉપસ્થિતિમાં વીવીપેટમાંથી થર્મલ પેપર રોલ દુર કરી આ અંગે રીપોર્ટીંગ કરવામાં આવ્યું હતું. અહીં એ ઉલ્લેખનીય છે કે વીવીપેટના આ થર્મલ પેપર રોલ જો કોઈને જોતા હોય તો સાત દિવસના ગાળામાં અરજી કરવાની હોય છે. આ માટે એક બુથ દીઠ રૂા.૪૦ હજારનો ચાર્જ નિયત કરવામાં આવેલ છે. પરંતુ રાજકોટ લોકસભા બેઠકના આ થર્મલ પેપર રોલ મેળવવા માટે એક પણ ઉમેદવારો જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ અરજી કરી ન હતી.

# ચાલુ વરસાદે રોડ પર-ખાડામાં ચાલીને સમસ્યા ચકાસતા કમિશ્નર

### રિધ્ધિ સિધ્ધિ નાલા પાસે રાઉન્ડઃ મોટરમાં બેસીને સમસ્યાનો અનુભવ ન થાય એ સાબિત કરતા દેવાંગ દેસાઈઃ ડે.કમિશ્નર-ઈજનેરોને લઈને કંટ્રોલ રૂમમાં મુકામઃ સીસીટીવી કેમેરામાંથી વિસ્તારોની હાલત નિહાળી








રાજકોટ, તા.૨

રાજકોટમાં બે દિવસથી ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે ત્યારે કમિશ્નર દેવાંગ દેસાઇ પણ અધિકારીઓની ટીમ સાથે સતત ફિલ્ડમાં જ રહ્યા છે. ગત શનિવારે કંટ્રોલ રૂમમાંથી મોનીટરીંગ કરવા સાથે અધિકારીઓની નાગરિકોની ફરિયાદની રાહ જોયા વગર રેડ અને યેલો ઝોનમાં પાણીના નિકાલની કામગીરી માટે દોડવા સૂચના આપી હતી તો આજે સામાકાંઠે પૂર્વ ઝોનમાં જુદા જુદા વિસ્તારમાં પાણી નિકાલની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું.

આજે પૂર્વ ઝોનમાં વરસાદ વખતે સૌથી વધુ હેરાન થતા કોઠારીયાના રિધ્ધિ સિધ્ધિ નાલા, દૂધસાગર રોડ પર ભરાતા પાણીનું નિરીક્ષણ પગે ચાલીને કમિશ્નરે કર્યુ હતું. લોકોની આવી કાયમી સમસ્યાનો અનુભવ મોટરમાં બેસીને નહીં પરંતુ રસ્તા પર ચાલીને જ થઇ શકે તેવી અનુભૂતિ કમિશ્નરે કાયમ મોટરમાં જ બેસીને સમસ્યાનો ઉકેલ લાવતા અધિકારીઓને પણ કરાવી હતી. રિધ્ધિ સિધ્ધિ નાલાથી કમિશ્નર પગપાળા ખાડાઓમાંથી પસાર થયા હતા.

આજે કમિશ્નર અને અધિકારીઓએ ઈસ્ટ ઝોનમાં વોંકળા સફાઈ અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા અંગે નિરીક્ષણ કર્યુ હતું. દેવાંગ દેસાઈએ આજે આજી જી.આઈ.ડી.સી. ખાતે આવેલ વોંકળાની મુલાકાત કરી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા અંગે નિરીક્ષણ કર્યુ હતું. ઉપરાંત દૂધસાગર રોડ ફાઝી મસ્જીદ પાસે અને ભગવતીપરા ખાતે વોટર લોગીંગની સ્થિતિમાં પાણીના નિકાલ માટેની વ્યવસ્થા સુનિશ્ચિત કરાવી હતી. ઈસ્ટ ઝોનમાં વોર્ડ નં.૧૮માં આવેલ રિદ્ધિ સિદ્ધિના નાલે પણ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા અને સફાઈ અંગે નિરીક્ષણ કર્યું હતું. આજે ચાલુ વરસાદ દરમ્યાન ડે.કમિશ્નર સ્વપ્નિલ ખરે અને ચેતન નંદાણી, સિટી એન્જિનિયરો વગેરે અધિકારીઓએ વિવિધ વિસ્તારોમાં જઈને વરસાદી પાણીના નિકાલની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. આ મુલાકાતમાં સિટી એન્જી. અઢીયા, ના. પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકી, ડી.ઈ.ઈ. અંબેશ દવે, નિકેશ મકવાણા અને બોરણીયાભાઈ હાજર રહ્યા હતા.

મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈએ શનિવારે ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ઉમિયા ચોક સહિતના વિસ્તારોમાં રૂબરૂ મુલાકાત લઈને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. આ ઉપરાંત તેમને નાનામવા ચોક ખાતે સ્થિત આઈસીસીસી (ઇન્ટીગ્રેટેડ કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ખાતે બેસી સીસીટીવી કેમેરાના માધ્યમથી શહેરના વિવિધ વિસ્તારોની પરિસ્થિતિ ઉપર પણ ચાંપતી નજર રાખી હતી. રેડ અને યલ્લો ઝોન હેઠળના વિસ્તારોમાં જો વરસાદી પાણી ભરાયાનું જાણમાં આવે તો નાગરિકોની ફરિયાદ આવે તેની વાટ જોયા વગર તુર્ત જ પાણીના નિકાલ માટેની કામગીરી આગળ ધપાવવા કમિશનરસૂચના આપી હતી.

આ ઉપરાંત ચાલુ વરસાદ દરમિયાન તેમજ વરસાદ બંધ થાય ત્યારબાદ પણ વરસાદી પાણીના નિકાલ માટે હાથ ધરવાની થતી કામગીરી ઝડપભેર થાય તે સુનિશ્ચિત કરવા આપેલા આદેશ મુજબ જ ચાલુ વરસાદ દરમ્યાન તેમજ વરસાદ બંધ થયા બાદ પણ જુદાજુદા વિસ્તારોમાં સ્ટોર્મ વોટરના નિકાલ માટેની જાળીઓમાં પાણીનો પ્રવાહ અવરોધાય નહીં તે મુજબ કામગીરી કરવામાં આવી હતી. સીસીટીવી કેમેરાના માધ્યમથી શહેરના જુદાજુદા એરિયામાં વરસાદ દરમિયાન અને વરસાદ બંધ થયા પછીની પરિસ્થિતિ કેવી છે અને જે તે સ્થળે કેવી કામગીરી કરવાની આવશ્યકતા છે તેનું સતત નિરીક્ષણ કરતા રહેવા અધિકારીઓને સૂચના આપી હતી. તેમજ આ કંટ્રોલ ખાતેથી ઉપલબ્ધ થતી આ પ્રકારની માહિતી સત્વરે જે તે વોર્ડના ડે. એન્જિનિયરને પહોંચાડી જે તે સ્થળ ખાતે હાથ ધરવાની થતી કામગીરી વિના વિલંબે થાય તે સુનિશ્ચિત કરવા તથા શહેરના રેડ અને યલ્લો ઝોન હેઠળના વિસ્તારોની પરિસ્થિતિ પર ખાસ નજર રાખવા સૂચના આપી હતી.

# ચોમાસુ બેસતા જ મેલેરીયા દેખાયોઃ ડેંગ્યુનો પણ 1 કેસ

## સિઝનલ રોગચાળાના કેસ વધીને 1296 નોંધાયાઃશરદી–ઉધરસના 720, ઝાડા–ઉલ્ટીના 217 અને ટાઈફોઈડનો એક કેસઃ 263ને નોટીસ

રાજકોટ,તા.૨

રાજકોટમાં ચોમાસુ બેસી ગયું છે અને ધીમો વરસાદ ચાલુ છે ત્યારે લાંબા સમય બાદ મચ્છરજન્ય મેલેરીયાના કેસ ચોપડે ચડવાનું શરૂ થયું છે. છેલ્લા અઠવાડિયામાં મેલેરીયાનો એક કેસ નોંધાયાનું આજે આરોગ્ય વિભાગે જાહેર કર્યુ છે.

ગત તા.૨૪-૬ થી ૩૦-૬ દરમ્યાન શહેરમાં મેલેરીયા અને ડેંગ્યુના એક-એક દર્દી ચોપડે ચડયા છે. જોકે ચીકનગુનીયાનો કોઇ કેસ આવ્યો નથી. આ સિવાય સિઝનલ રોગચાળાના ૧૨૯૬ દર્દીની નોંધ થઇ છે. શરદી-ઉધરસના કેસમાં વધારા સાથે ૭૨૦ દર્દી નોંધાયા છે. સામાન્ય તાવના ૩૫૮ દર્દીની નોંધ થઈ છે. તો ખોરાક અને પાણીજન્ય ઝાડા-ઉલ્ટીના કેસ વધીને ૨૧૭ થયા છે. આ સિવાય ખતરનાક તાવ ટાઈફોઈડનો પણ એક દર્દી ચોપડે ચડયો છે.

હવે ચોમાસામાં વરસાદી પાણી ભરાયેલુ રહે તો તેમાં મચ્છરનો ઉપદ્રવ થવાનો ખતરો વધશે. કોર્પો.એ ફોગીંગથી માંડી જનજાગૃતિની કામગીરી ચાલુ રાખી છે. ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી, વધુ જનસમુદાય હોય તેવા સ્થળો એ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે.




રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે વાહક નિયંત્રણની કામગીરી હેઠળ આરોગ્ય કેન્દ્રના આશાવર્કર સહિત ની ૩૨૦ ટીમો દ્વારા ૩૫૯૬૨ ઘરોમાં પોરાનાશક અને ફિલ્ડવર્કરો દ્વારા ૨૦૨ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે.

મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

તેમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની તપાસ ચાલુ રાખીને મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. જે હેઠળ ર૬ર જગ્યાએ તપાસ બાદ રહેણાંકમાં ૧૫૨ અને કોર્મશીયલ ૧૧૧ આસામીને નોટીસ આપવામાં આવેલ છે. ચોમાસામાં હવે વધારાના વરસાદી પાણીનો ઘર આંગણેથી નિકાલ કરતા રહેવા અને તકેદારી રાખવા મેલેરીયા શાખાએ અનુરોધ કર્યો છે.

# કુલ 72 આસામીઓ પાસેથી 10.550 કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

### ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૮,૭૫૦ નો વહીવટી ચાર્જ વસુલ

રાજકોટ,તા.૨

મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૨૯/૦૬/૨૦૨૪ થી ૩૦/૦૬/૨૦૨૪ ૨ દિવસ દરમિયાન ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૨૯/૦૬/૨૦૨૪ થી ૩૦/૦૬/૨૦૨૪ ૨ દિવસ દરમિયાન ત્રણેય ઝોનમાંથી કુલ ૭૨ આસામીઓ પાસેથી ૧૦.૫૫૦



કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૮,૭૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૭ આસામીઓ પાસેથી ૭.૧૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૯,૨૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૧ આસામીઓ પાસેથી ૨.૯૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫,૮૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૪ આસામીઓ પાસેથી ૦.૫૦૦ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩,૭૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રીની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# એડવાન્સ વેરાની આવકમાં રૂા.12.72 કરોડનો વધારો

### ચાલુ વર્ષમાં 20 હજાર નવા કરદાતા વધ્યાઃ કુલ 24 કરોડનું ડિસ્કાઉન્ટ આપતી મનપા

રાજકોટ, તા.૨

મહાનગરપાલિકાના વર્ષ-૨૦૨૪માં તા.૧-૪ થી ૩૦-૬ દરમ્યાન કુલ ૩,૨૯,૭૨૪ કરદાતાઓએ કુલ રૂ.૨૪૪.૪૫ કરોડના વેરાની ભરપાઇ કરેલ છે. જેમાં ઓફ લાઇન(કેશ તથા ચેક) ૯૩,૪૪૦ કરદાતાઓએ વેરો કુલ રૂ.૯૬.૨૭ કરોડ અને ઓન લાઇનના દ્વારા ૨,૩૬,૨૮૪ કરદાતાઓએ કુલ રૂ.૧૪૮.૧૮ કરોડ વેરાની ભરપાઇ કરેલ છે. કુલ વસુલ કરેલ રકમ પર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨૪.૧૨ કરોડનું ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું છે.

ચાલુ નાણાંકીય વર્ષમાં જુલાઇ સુધીમાં કુલ ૩,૦૯,૧૮૮ કરદાઓએ કુલ રૂ.૨૧૧.૭૩ કરોડ વેરાની ભરપાઈ કરેલ છે. જેમાં ઓફ લાઈન(કેશ તથા ચેક) દ્વારા ૧,૦૨,૦૯૪ કરદાતાએ વેરો કુલ રૂ.૮૪.૫૭ કરોડ અને ઓન લાઈન દ્વારા ૨,૦૭,૦૯૪ કરદાતાઓએ કુલ રૂ.૧૨૭.૧૬ કરોડની ભરપાઇ કરેલ છે. ગત વર્ષ કરતા ચાલુ વર્ષમાં મહાનગરપાલિકાએ રૂ. રૂ.૨.૩૯ કરોડની વધુ ડિસ્કાઉન્ટ આપેલ છે તથા ગત વર્ષ કરતાં રૂ.૩૨.૭૨ કરોડની વધુ આવક તથા ૨૦,૫૩૬ નવા કરદાતાઓએ વેરાની ભરપાઇ કરવામાં આવેલ છે.

# ભારે વરસાદને કારણે સૌરાષ્ટ્રના ૩૮ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો

## વરસાદને લીધે ના ૨૫૧ ફીડર બંધ, ૯૧ વીજપોલ ધરાશાયી થતા વીજ ધાંધિયા, લોકોએ મુશ્કેલી વેઠી

રાજકોટ.તા.૧

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં હળવા ભારે વરસાદમાં વીજ ફોલ્ટ સર્જાતા ઠેર-ઠેર સ્થળોએ વીજ પુરવઠો ખોરવાતા પીજીવીસીએલની ટીમોની વીજ સપ્લાય શરૂ કરવા સતત દોડધામ રહી હતી. વરસાદના કારણે ૧૭ ફીડરો ફોલ્ટમાં જતાં તેને કાર્યરત કરવા તંત્રની સતત દોડધામ રહી હતી. સૌરાષ્ટ્રભરમાં ૨૫૧ ફીડર બંધ થતાં વીજ પુરવઠાની સપ્લાય ખોરવાઇ હતી. ૯૧ વીજ પોલ ધરાશાયી થઈ જતાં રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છના ૩૮ ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જ્યારે ૧૦ ટીસી ડેમેજ થઈ ગયા હતા.રાજકોટમાં આવેલ વરસાદના કારણે એચટી-૧ સબ ડિવિઝન હેઠળ યોગેશ્વર, નવાગામ, મારૂતી, મોરબી રોડ, સાત હનુમાન, મીરા ઉદ્યોગ ફીડર એચ.ટી-૨ સબ ડિવિઝન હેઠળ સેન્ટ્રલ જેલ, સંતોષીનગર, રતન્મ નિર્મલા, પંચવટી ફીડર જ્યારે એચ.ટી-૩ સબ ડિવિઝન હેઠળ અજંતા, વૃંદાવન, કસ્તુરી, નાનામવા, એટલાસ રાજહંસ ફીડરમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જેને ટેકનિકલ



ટીમોએ ફરી પ્રસ્થાપિત કરી આપ્યો છે, જેથી લોકોને મુશ્કેલીમાંથી રાહત મળી હતી. સૌરાષ્ટ્ર કચ્છના ૩૮ જેટલા ગામડાઓમાં વીજ પુરવઠો ફરવાઈ જતા લોકોને ગરમીમાં બફારા વચ્ચે જીવન વિતાવવું પડે છે અને વીજ પુરવઠો ઠપ્પ થતાં અનેક કામો ઠપ્પ થઈ ગયા છે. માંથી પ્રાપ્ત વિગત મુજબ, વરસાદના કારણે સૌરાષ્ટ્રમાં ૨૫૧ ફીડર બંધ થતાં વીજ વિક્ષેપ થયો હતો. ૯૧ થાંભલા ધરાશાયી થતાં ૩૮ ગામડામાં પુરવઠો ખોરવાઈ ગયો હતો. સૌરાષ્ટ્રભરમાં હળવાથી ભારે વરસાદથી ઠેર ઠેર સ્થળોએ ફીડર બંધ થઈ ગયાની ફરીયાદો આવી હતી. અનેક જગ્યાઓએ વીજ પોલ પણ ધરાશાયી થઈ ગયાની ઘટના બની છે. ૯૧ વીજપોલ ધરાશાયી થતાં શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વીજ વિક્ષેપથી પરેશાની વેઠવી પડી હતી. વીજ પુરવઠો પુર્વવત કરવા પીજીવીસીએલની ટીમોએ બને તેટલી ઝડપે વીજ પુરવઠો ફરી શરૂ કરી દીધો હતો.

### રાજકોટમાં વરસાદથી વિજ ધાંધીયા ૧૭ ફીડર ઠપ્પ રીપેરીંગ માટે તંત્રની સતત દોડધામ

રાજકોટ, તા.૨

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં હળવા ભારે વરસાદમાં વીજ ફોલ્ટ સર્જાતા ઠેરઠેર સ્થળોએ વીજ પુરવઠો ખોરવાતા પીજીવીસીએલની ટીમોની વીજ સપ્લાય શરૂ કરવા સતત દોડધામ રહી હતી. વરસાદના કારણે ૧૭ ફીડરો ફોલ્ટમાં જતાં તેને કાર્યરત કરવા તંત્રની સતત દોડધામ રહી હતી. સૌરાષ્ટ્રભરમાં ૨૫૧ ફીડર બંધ થતાં વીજ પુરવઠાની સપ્લાય ખોરવાઈ હતી. વરસાદના કારણે રાજકોટમાં આવેલ વરસાદના કારણે એચટી-૧ સબ ડીવીઝન હેઠળ યોગેશ્વર, નવાગામ, મારૂતી, મોરબી રોડ, સાત હનુમાન, મીરા ઉદ્યોગ ફીડર એચ.ટી-૨ સબ ડિવિઝન હેઠળ સેન્ટ્રલ જેલ, સંતોષીનગર, રતન્મ નિર્મલા, પંચવટી ફીડર જ્યારે એચ.ટી-૩ સબ ડીવીઝન હેઠળ અજંતા, વૃંદાવન, કસ્તુરી, નાનામવા, એટલાસ રાજહંસ ફીડરમાં વીજ પુરવઠો ખોરવાયેલ જેને ટેકનીકલ ટીમોએ ફરી પ્રસ્થાપિત કરી આપેલ છે.

# નીટની પરીક્ષા ફરી ન લેવા વિદ્યાર્થીઓની સુપ્રિમમાં રીટ પીટીશન

## જે છાત્રાએ નિષ્ઠાપૂર્વક મહેનત કરીને પરીક્ષા આપી છે અને સારા માર્કસ મેળવીને ઉત્તીર્ણ થયા છે તેમનો શું દોષ?:કાનૂની જંગના મંડાણ

રાજકોટ તા.૨

ગત તા.૫મી મેના રોજ લેવાયેલી નીટ-૨૦૨૪ની પરીક્ષા અને પરિણામમાં સફળતાપૂર્વક પાસ થયેલા વિદ્યાર્થીઓ દ્વારા સુપ્રિમ કોર્ટ સમક્ષ નવી અરજી દાખલ કરવામાં આવી છે. નીટ-૨૪ને સંપૂર્ણ રીતે રદ કરવા માટે પ્રાર્થના કરતી સર્વોચ્ચ અદાલત સમક્ષ દાખલ કરાયેલી વિવિધ અરજીઓના કારણે જેમણે ખરેખર મહેનત કરી છે. તેવા અનેક વિદ્યાર્થીઓમાં ડિપ્રેશન અને ચિંતાના વાદળો છવાયા છે.

નિર્વિવાદ હકીકત એ છે કે અરજદારો (ડોકટર બનવાની આકાંક્ષા ધરાવતા વિદ્યાર્થીઓ) પાસે શ્રેષ્ઠ શૈક્ષણિક રેકોર્ડ છે. અને તેમણે ડોકટર બનવા માટે




સખત મહેનત કરીને નીટની પરીક્ષા આપી છે. તેવા વિદ્યાર્થીઓએ પુનપરીક્ષા લેવા માટે વિરોધ દર્શાવ્યો છે. ગુજરાતના વિદ્યાર્થીઓ ફરી યુજી નીટ ન યોજવા સુપ્રિમ કોર્ટમાં રીટ પીટીશન દાખલ કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે જે વિદ્યાર્થીઓએ નિષ્ઠાપૂર્વક મહેનત કી યુજી નીટ-૨૦૨૪ આપી હતી અને જેમણે તેમાં સારા માર્કસ મેળવીને પાસ થયા હતા તેઓ ફરી નીટ યોજાશે તો? તેવા પ્રશ્નોથી ખૂબજ ચિંતાતુર છે અને તેના અનુસંધાને ગુજરાતના વિદ્યાર્થીઓએ સુપ્રીમ કોર્ટમાં પરીક્ષા ન લેવા માટેની રીટ પીટીશન દાખલ કરી છે. સિધ્ધાર્થ કોમલ સિંગલા તથા અન્ય વિરૂધ્ધ એનટીએ. આ રીટ દાખલ કરાઈ છે.

તેમાં ઉલ્લેખ કરાયો છે કે મહેનતુ અને નિષ્ઠાપૂર્વક નીટ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ ખુબજ ચિંતાજનક પરિસ્થિતિમાં છે. જેથી ફરીને નીટ પરીક્ષા ન થવી જોઇએ તેવી સુપ્રીમ કોર્ટમાં યાચિકા એડવોકેટ ઓન રેકોર્ડ દેવેન્દ્ર સિંઘ તથા એડવોકેટ અવિનાશ પોદાર દ્વારા રીટ પીટીશન દાખલ કરવામાં આવેલ છે. ગુજરાત વાલી મંડળ દ્વારા માહિતી આપવામાં આવી છે.

# GSTમાં 163 અધિકારીઓની બઢતી-બદલી કરવામાં આવી

- રાજકોટ વિભાગ-૧૦નાં ઈન્ચાર્જ જે.સી. એચ.કે.સ્વામીને બઢતી સાથે ગાંધીધામ મુકાયા સ્વામીની જગ્યાએ એચ.એન.જલુની જે.સી. તરીકે નિયુક્તિ

રાજકોટ તા.૨

રાજ્યનાં જી.એસ.ટી. વિભાગમાં લાંબા સમય બાદ વર્ગ-૧ અને ૨નાં ઉચ્ચ અધિકારીઓની બઢતી અને બદલીનાં ઓર્ડરો નાણા વિભાગ દ્વારા કરવામાં આવ્યા છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતનાં કુલ ૧૬૩ ઉચ્ચ અધિકારીઓની બઢતી-બદલીનાં ઓર્ડરો કરાયા છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ જીએસટી વિભાગ-૧૦માં સફળતાપૂર્વક ઈન્ચાર્જ જે.સી.ને ફરજ બજાવનાર એચ.કે.સ્વામીને બઢતી અપાઈ છે અને તેઓને ડી.સી.માંથી જે.સી. તરીકેની બઢતી આપી ગાંધીધામ ખાતે મૂકવામાં આવ્યા છે. જયારે, રાજકોટ વિભાગ-૧૦ માં નવા જે.સી. તરીકેના રાજ્ય વેરા કમિશ્નર (વિવાદ) રાજકોટ વિભાગ-૧૦નાં એચ.એન.જલુની નિયુક્તિ કરવામાં આવી છે. જીએસટીનાં સૂત્રોમાંથી પ્રાપ્ત વધુ વિગતો મુજબ રાજયનાં જે.સી. કક્ષાનાં કુલ ૧૧ અધિકારીઓની બદલીનાં ઓર્ડરો કરાયા છે.જયારે ૮ ડી.સી. કક્ષાનાં અધિકારીઓને જે.સી.નાં પ્રમોશન સાથે બદલીઓ કરવામાં આવી છે.

આ ઉપરાંત ડી.સી. કક્ષાનાં ૧૮ અધિકારીઓની બદલી કરાઈ છે અને એ.સી. કક્ષાનાં ૫૫ અધિકારીઓને એ.સી.માંથી ૫૫ અધિકારીઓને એ.સી.માંથી ડી.સી. તરીકેનાં પ્રમોશન અપાયા છે.આ ઉપરાંત ૮૧ સી.ટી.ઓ. કક્ષાનાં અધિકારીઓને પણ એ.સી. કક્ષાનાં અધિકારી તરીકે પ્રમોશન આપી બદલી કરવામાં આવી છે.

# લોકમેળામાં સૌ પ્રથમવાર વીજકંપની દ્વારા અન્ડરગ્રાઉન્ડ કેબલ નખાશે


**ગ્રાઉન્ડમાં ૨૧ જેટલા ટ્રાન્સફોર્મર નંખાઈ ગયા ડ્રોનથી થશે મોનીટરીંગ આઠ જગ્યાએ એન્ટ્રી ગેઈટ મૂકાશે તડામાર તૈયારીઓ**

રાજકોટ,તા.૧

રાજકોટ લોકમેળા સમિતિ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી તા.૨૪ ઓગષ્ટથી પાંચ દિવસ રેસકોર્સ ગ્રાઉન્ડમાં આયોજીત કરાયેલા ભાતીગળ લોકમેળા અંગે તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ લોકમેળામાં આ વખતે સૌ પ્રથમવાર પીજીવીસીએલ (વીજકંપની) દ્વારા અન્ડરગ્રાઉન્ડ કેબલ નાખવામાં આવનાર છે.

આ માટે રેસકોર્સ ગ્રાઉન્ડમાં વીજ કંપની દ્વારા ૨૧ જેટલા ટ્રાન્સફોર્મરો પણ નાખી દેવામાં આવેલ છે. વીજ કંપની





દ્વારા નખાનારા અંડરગ્રાઉન્ડ કેબલમાંથી યાંત્રિક અને સ્ટોલના વેપારીઓને વીજ કનેકશન આપવામાં આવશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, ગત શનિવારે જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને લોકમેળા સમિતિની મળેલ પ્રથમ બેઠકમાં સાવચેતીના પગલાના ભાગરૂપે આ વખતે સ્ટોલ અને રાઈડ્સની સંખ્યામાં ૪૦ ટકાનો ઘટાડો કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. જે મુજબ ૭૦ જેટલા સ્ટોલોનો ઘટાડો થશે.

લોકમેળામાં પ્રથમવાર ડ્રોનથી લોકમેળાનું મોનીટરીંગ કરવામાં આવનાર છે. જેમાં રાત્રીના જનમેદની વધશે તો તુરંત જ એન્ટ્રી ગેઈટ બંધ કરી દેવામાં આવશે. મેળામાં આ વખતે એન્ટ્રી માટે આઠ ગેઈટ રાખવામાં આવનાર છે.

જેમાં ઈન્કમટેકસ કચેરી, બહુમાળી ભવન સામેથી, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ પાસે, સહિતના ૮ સ્થળો પર એન્ટ્રી ગેઈટ રાખવામાં આવનાર છે. ગત વર્ષે લોકમેળામાં ૩૭૧ જેટલા સ્ટોલ હતા. જેમાંથી આ વખતે ૭૦ સ્ટોલનો ઘટાડો થશે. લોકમેળાના સ્ટોલની યાંત્રિક રાઈડસ માટે પ્રતિવર્ષ ૧૫ જુલાઈથી ફોર્મ વિતરણ કરી દેવામાં આવેલ છે. ભાવપત્રક નકકી થયા બાદ તુરંત જ ફોર્મ વિતરણ શરૂ કરી દેવામાં આવે છે. જોકે આ વખતે તંત્ર દ્વારા રાઈડ્સના ભાવમાં કોઈ વધારો કરવાનું આયોજન હજુ સુધી કરાયું છે. મેળાની તૈયારીઓ માટે હવે ઓછો સમય રહેતા અનેક પ્રશ્નો ઉપસ્થિત થવા પામેલ છે.

# NDRF બાદ SDRFની ટીમનો પણ પડાવ, ધોરાજીમાં ૨૫ જવાનો સ્ટેન્ડબાય

**ડીવાયએસપીની આગેવાનીમાં ટીમ તૈનાત પુરની અસર થાય તેવા વિસ્તારોની લીધી મુલાકાત એકલાયમેટાઈઝેશન કર્યું  જરૂર પડયે આર્મીની સ્કવોર્ડ પણ ઉતારાશે**



રાજકોટ તા.૧

રાજકોટ શહેર-જિલ્લામાં મેઘરાજા જમાવટ કરી રહ્યા છે ત્યારે પુરપ્રકોપ અને વાવાઝોડાની સંભવીત સ્થિતિ સામે રાજકોટમાં અગાઉ એનડીઆરએફની ટીમ આવી પહોંચ્યા બાદ હવે એસડીઆરએફની ટીમના જવાનોએ પણ પડાવ નાખી દેતા એસડીઆરએફના ૨૫ જવાનોને ધોરાજીમાં સ્ટેન્ડબાય મુકી દેવામાં આવેલ છે.

રાજકોટ જિલ્લા માટે અગાઉ રાહત બચાવના સાધનોથી સજ્જ એનડીઆરએફની ટીમ રાજકોટ આવી પહોંચતા તેને મોરબી રોડ પરના ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર ખાતે તૈનાત રાખવામાં આવી છે. જે બાદ હવે એસડીઆરએફની ટીમના ૨૫ જવાનો પણ આવી પહોંચતા તેને ધોરાજી ખાતે તૈનાત કરવામાં આવેલ છે.

એસડીઆરએફ અને એનડીઆરએફની ટીમના જવાનો દ્વારા પુરની અસર થાય તેવા તમામ વિસ્તારની મુલાકાત લઈ એકલાયમેટાઈઝેશન કર્યું હતું. આ વિસ્તારોની રૂબરૂ મુલાકાત આ બન્ને ટીમના જવાનો દ્વારા ડીવાયએસપીની આગેવાનીમાં લેવામાં આવી હતી. આ સંદર્ભે અધિક કલેકટર ચેતન ગાંધી દ્વારા જણાવાયું હતું કે ચાલુ ચોમાસા દરમ્યાન પુરપ્રકોપ અને વાવાઝોડાની સંભવીત સ્થિતિમાં આ બન્ને ટીમોના જવાનોની રાહત બચાવ કામગીરી કરવામાં આવશે. તેમજ જરૂર પડયે રાજકોટ જિલ્લા બહારના વિસ્તારોમાં પણ આ બન્ને ટીમના જવાનોને મોકલવામાં આવશે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે આર્મીની ટીમે પણ અગાઉ રાજકોટ આવી કલેકટર તંત્ર પાસેથી ડીઝાસ્ટર પ્લાન મેળવ્યો હતો. રાજકોટ જિલ્લામાં ચોમાસામાં જરૂર પડયે આર્મીની ટીમની પણ સેવા લેવામાં આવશે.

અહી એ ઉલ્લેખનીય છે કે રાજયમાં હવામાન ખાતા દ્વારા આજે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર, જુનાગઢ, સુરત, નવસારી, સહિતના વિસ્તારોમાં રેડએલર્ટ જાહેર કરવામાં આવેલ છે. જયારે રાજકોટ, અમરેલી, ભાવનગર, ભરૂચ, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર સહિતના વિસ્તારોમાં ઓરેંજ એલર્ટ જાહેર કરવામાં આવેલ છે. આ સંજોગોમાં કલેકટર તંત્ર પણ એકશન મોડમાં આવી જવા પામેલ છે.

# BSNLના પેન્શનરો  ડિમાન્ડ ડે મનાવશે પડતર પ્રશ્નોના નિરાકરણ માટે સૂત્રોચ્ચાર કરશે

**ઈજાક ના પ્રિન્સિપાલ જનરલ મેનેજરને આવેદન પત્ર આપી લાંબા સમયથી પેન્ડિંગ પગારપંચ પેન્શાન રીવિઝન 1/1/2017 થી 15 ટકા ફીટમેન્ટ મુજબ આપવા રજૂઆત**




રાજકોટ, તા.૧

જોઈન્ટ ફોરમ ઓફ ઈજાક - ખઝગક પેન્શનર્સ એસોસિએશન સેન્ટ્રલ હેડ ક્વાર્ટર ન્યુ દિલ્હીના આદેશાનુસાર સમગ્ર ભારતમાં તમામ ઈજાક ની મુખ્ય કચેરીઓ સામે હજારોની સંખ્યામાં સૂત્રોચ્ચાર કરી દેખાવો કરી આવતીકાલ તા.૨ જુલાઈને ડિમાન્ડ ડે તરીકે મનાવવામાં આવશે.

ઘણા લાંબા સમયથી ઈજાક - ખઝગક ના કર્મચારીઓ તથા પેન્શનરોને નવા પગાર પંચનો લાભ ન મળતા કર્મચારીઓને નારાજગી વ્યાપી ગયો છે. ત્યારે આજે તા.૨ જુલાઈને મંગળવારના રોજ સવારે ૧૦૩૦ કલાકે જ્યુબિલિ બાગ, ટેલિફોન એક્સચેન્જ ગેઈટ રાજકોટ ખાતે વિશાળ સંખ્યમાં પેન્શનરો ઉપસ્થિત રહી સૂત્રોચ્ચાર કરશે.

ત્યારબાદ રાજકોટ ઈજાક ના પ્રિન્સિપાલ જનરલ મેનેજરને લાંબા સમયથી પેન્ડિંગ પગારપંચ પેન્શાન રીવિઝન ૧/૧/૨૦૧૭ થી ૧૫ ટકા ફીટમેન્ટ મુજબ આપવા માટે આવેદન પત્ર આપવામાં આવશે તેમજ ન્યુ દિલ્હીના સેક્રેટરી ડિપાર્ટમેન્ટ એક ટેલિકોમ તથા કોમ્યુનિકેશન મિનિસ્ટરને પણ અપવમાં આવશે.

## પોલીસ તંત્રમાં આજથી સુવર્ણ યુગનો પ્રારંભ...

# નવા કાયદા હેઠળ રાજકોટમાં આજીડેમ પોલીસ મથકમાં પ્રથમ ગુનો નોંધાયો

### મહિકા ગામમાં થયેલ મારામારીના ગુનામાં આઈપીસીની જગ્યાએ ભારતીય ન્યાય સંહિતાનો અમલ ખૂની હુમલાની કલમ ૩૨૬(૨) ની જગ્યાએ ૧૧૮ (૧), ૩૨૩ ની જગ્યાએ ૧૧૫(૨) અને ધમકીની કલમ ૫૦૪ ના સ્થાને ૩૫૨ તેમજ મદદગારીમાં ૧૧૫ ના બદલે ૫૪ લગાડવામાં આવી

રાજકોટ. તા.૧

આજથી પોલીસ તંત્રમાં સુવર્ણ યુગનો પ્રારંભ થવાં જઈ રહ્યો છે. અંગ્રેજો વખતના કાયદામાં ધરખમ ફેરફાર આજથી થઈ રહ્યા છે. આજનો દિવસ પોલીસ તંત્ર ઐતિહાસિક દિવસ હશે. ગુલામીની તમામ નિશાનીઓનો અંત લાવવના હેતુથી અંગ્રેજો દ્વારા ઘડવામાં આવેલા અને બ્રિટિશ સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦, ફોજદારી કાર્યરીતિ સંહિતા, (૧૮૯૮), ૧૯૭૩ અને ઈન્ડિયન એવિડન્સ એક્ટ, ૧૮૭૨ ને રદ કરીને ૩ નવા બિલ લાવવામાં આવ્યા છે. જેમાં હવે ભારતીય દંડ સંહિતા (આઈપીસી) નું સ્થાન ભારતીય ન્યાય સંહિતા લેશે, ફોજદારી કાર્યરીતિ સંહિતાનું સ્થાન ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, લેશે અને ભારતીય પુરાવા અધિનિયનું સ્થાન ભારતીય સાક્ષ્ય વિધેયક લેશે. જે નવા કાયદાના અમલીકરણમાં આજીડેમ પોલીસ મથક રાજકોટ શહેરમાં પ્રથમ ગુનો નોંધ્યો છે.જેમાં મહિકા ગામમાં




સીમ જમીન સેઢા મામલે થયેલ મારમારીના બનાવમાં ખૂની હુમલાની કલમ ૩૨૬(૨) ની જગ્યાએ ૧૧૮ (૧), ૩૨૩ ની જગ્યાએ ૧૧૫(૨) અને ધમકીની કલમ ૫૦૪ ના સ્થાને ૩૫૨ તેમજ મદદગારીમાં ૧૧૫ ના બદલે ૫૪ લગાડવામાં આવી છે.

બનાવ અંગે મહિકા ગામમાં બાલાજી સ્ટોન ક્રશરથી આગળ રહેતાં સવજીભાઈ ખીમજીભાઈ ગોહેલ (ઉ.વ.૫૯) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે તેના કૌટુંબિક ભાઈ રવજી ચકુ ગોહેલ, ભત્રીજો પ્રફુલ રવજી ગોહેલ, ભાવેશ જગદીશ ગોહેલ અને હેમંત મનસુખ ગોહેલનું નામ આપતા આજીડેમ પોલીસે ભારતીય ન્યાય સંહિતા (બી.એન.એસ.) ની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨,૫૪ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ખેતીકામ કરે છે અને આરોપી કૌટુંબિક ભાઈ રવજીની જમીન પણ તેની બાજુમાં જ આવેલ છે. આરોપી રવજી અને તેનો પુત્ર તેમજ ભત્રીજાઓ ફરિયાદીની સીમ જમીન પર જવાના રસ્તામાં પોતાની વાડીમાંથી પથ્થર કાઢી તેમાં નાંખતા હતાં. જે મામલે ફરિયાદીએ આરોપી રવજીને ટપાર્યો હતો કે, અમારો રસ્તો બંધ થઈ જાય છે, માટે રસ્તામાં પથ્થર નાંખતો નહીં. જે મામલે આરોપી રવજી ઉશ્કેરાયો હતો અને પોતાના પુત્ર અને ભત્રીજા સાથે ઈક્કો કાર અને રીક્ષામાં વાડીએ ઘસી આવ્યા હતાં અને ફરીયાદી સાથે ઝઘડો કરી કુહાડીથી હુમલો કરી દિધો હતો. તેમજ અન્ય આરોપીએ પણ ઢીકાપાટુનો બેફામ મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપી આરોપી નાસી છૂટ્યા હતાં. બનાવમાં ગંભીર રીતે ઘાયલ થયેલ ખેડૂતને સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે આજીડેમ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# કોર્પોરેટરની ગ્રાન્ટમાં વધારો-ડે.કમિશ્નરોને પ્રથમ વખત ગ્રાન્ટની અમલવારી શરૂ થઈ

- **બજેટની યોજનાઓ લાગુ કરવાની સમીક્ષા બેઠક શરૂ કરતા ચેરમેન જયમીન ઠાકર**

રાજકોટ, તા. ૧: મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સ્ટે કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ બજેટના અનુસંધાને ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા ગત સપ્તાહે તમામ લગત શાખાધિકારીઓ સાથે બજેટની અમલવારીના સ્ટેટસ રીવ્યુ અંગે મીટીંગ કરવામાં આવેલી હતું. તમામ સીટી એન્જીનીયર, આસી. કમિશનર, લાયબ્રેરીયન, મેનેજર, ગાર્ડન ડાયરેકટર



તથા આરોગ્ય અધિકારી સાથે બજેટમાં મંજૂર થયેલ તથા બજેટમાં સૂચવેલા કામો હાલ કયા તબક્કે છે, તથા કયા કામો કઈ સમય મર્યાદામાં પૂર્ણ થશે, જે અંગે વિસ્તૃત માહિતી મેળવવામાં આવી હતી.

સ્ટે. કમિટી દ્વારા બજેટમાં મંજૂર થયેલ સૌથી મહત્વની યોજનાઓ પૈકીની કોર્પોરેટરોને પોતાના વોર્ડમાં ફાળવવામાં આવતી વિકાસ કામો માટેની વાર્ષિક ગ્રાન્ટ રૂ. ૧૫,૦૦,૦૦૦માં રૂ.૫,૦૦,૦૦૦નો વધારો કરી, ચાલુ બજેટથી આ ગ્રાન્ટ રૂ.૨૦,૦૦,૦૦૦ પ્રતિ કોર્પોરેટર દીઠ ફાળવવામાં આવેલ છે. તેમજ મેયરને વિકાસ કામો માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટની રકમ રૂ.૬,૦૦,૦૦૦થી વધારી રૂ.૮,૦૦,૦૦૦, ડેપ્યુટી મેયર અને સ્ટે. કમિટી ચેરમેનને વિકાસ કામો માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટની રકમ રૂ.૪,૫૦,૦૦૦થી વધારી રૂ.૬,૦૦,૦૦૦ ફાળવવામાં આવેલ છે. આ ઉપરાંત શહેરના ત્રણેય ઝોનના ડે. કમિશનરને પોત પોતાના કાર્યક્ષેત્રના ઝોનમાં વિકાસ કામો માટે સૌપ્રથમ વખત રૂ.૧૫,૦૦,૦૦૦ની ગ્રાન્ટ ફાળવવાની પ્રથા પણ શરૂ કરવામાં આવેલ છે.

ચેરમેન જયમીનભાઈ ઠાકરે આવનારા દિવસોમાં બજેટમાં મંજૂર થયેલ કામોની સમીક્ષા તથા બજેટમાં ઉમેરવામાં આવેલ નવી યોજનાઓના અમલીકરણ માટે અધિકારીઓ સાથે સમયાંતરે બેઠક કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# સૌરાષ્ટ્ર પર મેઘરાજા મહેરબાન



**ભારે વરસાદના કારણે જૂનાગઢ જિલ્લાની શાળાઓમાં મંગળવારે રજા જાહેરઃ સોરઠના માણાવદરમાં ૧૦, વંથલી–૮, વિસાવદર–૭ ઇંચ ધોરાજીમાં અનરાધાર ૪ ઇંચ નદી–નાળાઓમાં ઘોડાપુર નાના મોટા ચેકડેમો છલકાયા જળાશયોમાં નવા નીરની આવક ધરતીપુત્રોમાં આનંદ**

## દ્વારકાનાં ખંભાળિયામાં વાદળ ફાટ્યું : ૮ ઇંચ

રાજકોટ,તા.૧

રાજયભરની સાથે સૌરાષ્ટ્ર-કચ્છમાં ચોમાસુ જામી જતાં સર્વત્ર મેઘરાજાએ મહેર કરતા આ વર્ષ સારૂ જવાની ધરતી પુત્રો આશા સેવી રહ્યા છે. ત્યારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં મેઘમહેર થતાં નદી-નાળાઓમાં ઘોડાપુર સાથે જળાશયોમાં નવા નીરની આવક થઈ છે છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, જામનગર, જિલ્લામાં સર્વત્ર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક સાથે હવામાં ભેજનાં પ્રમાણ વધારો સાથે હળવો ભારે વરસાદ વરસી રહ્યો છે. દ્વારકા અને જૂનાગઢ, જિલ્લામાં ૮ થી ૧૦ ઇંચ વરસાદ વરસતા ખેડૂતોનાં આગોત્તરા વાવેતરને ફાયદો થયો છે.

દ્વારકાઃ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળિયામાં ધોધમાર વરસાદના પગલે શહેરના જુદા-જુદા વિસ્તારોમાં ગોઠણડુબ પાણી ભરાયા હતા જનજીવન પ્રભાવીત થયું હતું. સ્ટેશન રોડ, વિસ્તારમાં વૃક્ષ ધરાશાયી થયું હતું. અનરાધાર વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. આ ઉપરાંત દ્વારકામાં પણ ધોધમાર વરસાદ વરસતા ગુરૂદ્વારા, તોતાદ્રી, મઠ, બિરલા પ્લોટ, જલારામ સોસાયટી સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા હતા.દ્વારકા કુલ ૨૦૧ મી.મી.વરસાદ નોધાયો છે. આ કલ્યાણપુર અને ભાણવડ તાલુકામાં પણ અનરાધાર વરસાદ વરસ્યો હતો કલ્યાણપુરમાં સાડાપાંચ અને ભાણવડમાં દોઢ ઇંચ વરસાદ નોધાયો હતો.દ્વારકા જિલ્લામા ખંભાળિયા ૧૩૨ મી.મી., કલ્યાણપુર ૫૭ મી.મી દ્વારકા-૩૫ મી.મી. ભાણવડ ૨૦ મી.મી, વરસાદ નોધાયો હતો. દ્વારકા-૧૦ ઇંચ, કલ્યાણપુર ૭ ઇંચ, ભાણવડ ૬ ઇંચ વરસાદ નોંધાયો છે

અમરેલીઃ અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમરેલી, વડીયા, લાઠી, સાવરકુંડલા, બાબરા, ખાંભા, બગસરા, જાફરાબાદ, રાજુલા તાલુકામાં ધોધમાર સાડા ચાર ઇંચ વરસાદ વરસ્યો હતો. નદી-નાળા વહેતા થયા હતાં.


ભાવનગરઃ ભાવનગર જિલ્લામાં મેઘરાજાએ ધીમીધારે હેત વટઆવ્યું હતું.વલ્લભીપુર-૪૩ મી.મી.ઉમરાળા-૪૧ મી.મી, ભાવનગર-૯મી.મી, ઘોઘા-૨૧ મી.મી, સિંહોર-૧૭ મી.મી, ગારીયાધાર ૧૦મી.મી, પાલીતાણા ૧૫ મી.મી, તળાજા ૨૭ મી.મી, મહુવા-૩૪ મી.મી, વરસાદ વરસ્યો હતો.

જૂનાગઢઃ જૂનાગઢ જિલ્લામાં મેઘરાજાની ઓળઘોળ થતા ૩ થી ૧૦ ઇંચ વરસાદ વરસતા નદીઓમાં ઘોઘાપુર સાથે જળાશયોમાં નવા નીર આવ્યા હતા જૂનાગઢ શહેરમાં અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

વંથલીમાં આંબેલાધાર-૮ ઇંચ, માણાવદર-૧૦ ઇંચ, મેંદરડા-૬ ઇંચ, ભેંસાણ, કેશોદ, માળીયા, માંગરોળમાં ત્રણથી ચાર ઇંચ વરસાદ વરસતા ખેતરોમાં પાણી ભરાયા હતા. જળાશયોમાં નવા નીર આવ્યા હતાં.

ધોરાજીઃ રાજકોટ જિલ્લામાં ધોરાજી તાલુકામાં એક જ રાતમાં ૪ ઇંચ વરસાદ વરસ્યો હતો.સફારા નદી પરનો નાનો ચેકડેમ ઓવરફલો થયો હતો. ફોફળ ડેમમાં નવા નીર આવ્યા હતાં.ગુજરાતભરમાં મેઘરાજા સાર્વત્રિક વરસાદ વરસાવી રહ્યા છે ત્યારે આવતા પાંચ દિવસ ચોમાસુ હજુ સક્રિય રહેવાની તથા લગભગ તમામ ભાગોમાં વરસાદનો એક કે તેથી વધુ રાઉન્ડ આવવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલે કરી છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭



# આગામી બજેટમાં ૧૦ લાખથી ઉપર આવકવાળાને કરમાં રાહત મળવાની સંભાવનાઓ

## કરમાં ફેરફાર કરવા સરકારની વિચારણાઃ કર સીમા હાલ 30 ટકા છે તે ૨૫ ટકા કરવાની માંગ

નવી દિલ્હી, તા.૧ઃ જુલાઈ મહિનામાં રજુ થનાર સામાન્ય બજેટને લઈને ઘણી આશાઓ રાખવામાં આવી રહી છે. માનવામાં આવે છે કે સરકાર કેટલાક મોટા નિર્ણયો લઈ શકે છે. સરકાર ૧૦ લાખથી ઉપરની વાર્ષિક આવક વાળા લોકો માટે પણ કર વ્યવસ્થામાં ફેરફાર પર વિચાર કરી રહી છે. જેની માંગ નોકરિયાત વર્ગ તરફથી સતત કરવામાં આવી રહી છે. છેલ્લા બે સપ્તામાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામનની વિભિન્ન ક્ષેત્રોને, વિશેષજ્ઞો અને મુખ્ય ઔધોગીક સંગઠનોના લોકો સાથે બેઠક થઈ હતી.

નોકરિયાત લોકો માટે આવક સ્લેબમાં ફેરફાર કરવાની પણ માંગ રાખી છે. તેની પાછળ તર્ક આપવામાં આવ્યો છે કે નોકરિયાત લોકો પર આવકવેરો બોજ વધુ છે. જો જૂની વ્યવસ્થાથી જોવામાં આવે તો ૧૦ લાખથી ઉપરની વાર્ષિક આવક પર 30 ટકા આવકવેરો ભરવો પડે છે. નવી વ્યવસ્થાથી સાત લાખથી ઉપરની આવક પર આવકવેરો ભરવો પડે છે પણ અહીં જો સાત લાખથી ઉપરની વાર્ષિક આવક છે તો પછી ૬ લાખથી ૯ લાખ પર ૧૦ ટકા અને ૯થી૧૨ લાખ સુધીની વાર્ષિક આવક પર ૧૫ ટકા આવકવેરો ભરવાનો થાય છે. જે હાલના સમયમાં વ્યવહારીક નથી. કારણ કે મોંઘવારીની સાથે લોકોના ખર્ચ પણ વધ્યા છે. જેના કારણે લોકોની બચતને પણ અસર થઈ છે. આથી ૧૦ લાખથી ઉપરની આવકવાળા લોકો આવકવેરામાં છુટ ઈચ્છે છે. કર સીમા ઘટાડીને ૨૫ ટકા કરવાની માંગઃ સીએ અંસારી કહે છે ૧૦ લાખથી ઉપરની વાર્ષિક આવક પર કર 30 ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરવામાં આવે. જૂની વ્યવસ્થામાં રિટર્ન ભરે છે તો ૨૦ ટકા બાદ સીધા 30 ટકા ટેક્સનો સ્લેબ છે જે વ્યવહારીક નથી.

# હાથીખાનામાં જર્જરિત બંધ મકાનનો આગળનો ભાગ ચાલુ વરસાદમાં ધસી પડયો

- **વધુ એક દુર્ઘટના સર્જાતા રહી ગઈઃ પરિવાર અન્યત્ર રહેવા ચાલ્યો ગયો હતો : ફાયર બ્રિગેડે જોખમી બાંધકામ હટાવીને ફરી નોટીસ લગાવી**

રાજકોટ, તા.૧ઃ શહેરના સૌથી જુના વિસ્તારો પૈકીના એક એવા હાથીખાના વિસ્તારમાં અગાઉ પણ જર્જરીત અને જોખમી જાહેર કરાયેલા બંધ મકાનનો આગળનો ભાગ ધીમા વરસાદમાં ધસી પડતા સવારમાં ફાયર બ્રિગેડનો સ્ટાફ દોડયો હતો. જોકે મકાનમાં કોઇ રહેતુ ન હોવાથી કોઇ દુર્ઘટના સર્જાઇ ન હતી.



આ બનાવ અંગે જાણવા મળેલી વિગત મુજબ હાથીખાના મેઇન રોડ પર શેરી નં.૩ના ખુણે એક જર્જરીત મકાન આવેલું છે. આ મકાનમાં હાલ કોઇ રહેતુ નથી. આ જોખમી મકાનનો આગળનો ખુણો એકાએક સવારે તૂટી પડતા કાટમાળનો ઢગલો થઇ ગયો હતો. આ સમયે રસ્તા પરથી કોઇ પસાર થતું ન હતું. આથી કોઇ અકસ્માત થયો ન હતો. પરંતુ બનાવની જાણ થતા ફાયર સ્ટાફ દોડી ગયો હતો. આ જગ્યાનો કાટમાળ હટાવી, જર્જરીત ભાગ પૂરેપૂરો હટાવવાની કામગીરી કરી હતી. તંત્રને જાણવા મળ્યું હતું કે આ જગ્યાએ પાંચેક વર્ષ પહેલા ગોહેલ પરિવારના ચાર સભ્યો ભાડેથી રહેતા હતા. તેઓ અન્યત્ર રહેવા ચાલ્યા જતા મકાન બંધ હતું. અગાઉ પણ બાંધકામ શાખાએ આ મકાનને જર્જરીત અને જોખમી જાહેર કરીને નોટીસ આપેલી છે. આથી આ મકાન ખાલી કરી દેવામાં આવ્યું હતું. સાથે જ આજે ફરી આ મકાનમાં કોઇએ અવરજવર ન કરવી અને સાવચેત રહેવું તેવી સૂચના લગાડી દેવામાં આવી છે. આ રીતે જુના રાજકોટમાં અનેક જર્જરીત મિલ્કતો વચ્ચે આ એક મકાનનો જુનો ભાગ તૂટવાની ઘટના બનતા આવા વિસ્તારોમાં ફરી તાત્કાલીક સર્વેની જરૂર હોવાનો મત છે.

# ભાવનાબેન દેવરાજભાઈ ચીખલીયાની ૧૧મી પુણ્યતિથિ નિમિત્તે ભવનાથ સ્થિત સર્કલનું લોકાર્પણ

જૂનાગઢ, તા. ૧ઃ ભાવનાબેન ચીખલીયા ફાઉન્ડેશન દ્વારા ભાવનાબેન ચીખલીયા સર્કલ લોકાર્પણ તેમજ ભાવનાબેન ચીખલીયા તેમજ ચેતન ભાઈ જાદવ બ્લડ ડોનેટ કેમ્પનું આયોજન કરાયું હતું.

આજરોજ ભાવનાબેન ચીખલીયા ફાઉન્ડેશન દ્વારા ભવનાથ ખાતે ભાવનાબેન દેવરાજભાઈ ચીખલીયા સર્કલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય અતિથિ તરીકે અખિલ ભારતીય પરિષદના સમાજ નાગા સાધુ સમાજના પ્રમુખ (માં )જેસિકા નંદજી તેમજ ઇન્દ્રેશ્વર મંદિરના રામાનંદ સાધુ જુનાગઢ ભવનાથ ભારતી આશ્રમના મહાદેવ ગીરી તેમજ જૂનાગઢના પ્રથમ નાગરિક ગીતાબેન પરમાર જૂનાગઢના (ધારાસભ્ય) સંજય કોરડીયા જુનાગઢ ભાજપ શહેર પ્રમુખ પુનિતભાઈ શર્મા જુનાગઢ જિલ્લા પ્રમુખ કિરીટભાઈ પટેલ જિલ્લા ભાજપ પ્રમુખ



રિપોર્ટરઃ ઉદય પંડ્યા

મહિલા બક્ષીપંચ જયશ્રીબેન વાઢોરીયા જુનાગઢ મનપા પેન્ડિંગ કમિટીના ચેરમેન હરેશભાઈ પરસાણા જૂનાગઢના ભાજપના કરસનભાઈ ધડુક પ્રદીપભાઈ ખીમાણી જુનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુમ્મર યોગીભાઈ પઢીયાર આરતી બેન જોશી પલવીબેન ઠાકર ચંદ્રિકાબેન રાખોસિયા ભવનાથ કોર્પોરેટર તેમજ ભવનાથ પોલીસ સ્ટેશનના એ.એસ.આઇ રાજેશભાઈ ઉપાધ્યાય તેમજ પીએસઆઈ રાઠોડ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ સહિત આજરોજ અનાવરણ વિધિ બાદ મહાત્મા ગાંધી નર્સિંગ કોલેજ ખાતે બ્લડ ડોનેટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જુનાગઢ શહેરના ભારતીય જનતા પાર્ટીના શેર પ્રમુખ પુનિતભાઈ શર્મા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હરેશભાઈ પરસાણા જુનાગઢ શહેર મનપાના ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચા ડોક્ટર મહેશ વોરા જુનાગઢ શહેરના જાણીતા એડવોકેટ જય કિશન દેવાણી ધીરુભાઈ મોદી પરમાર રવિ જૂનાગઢના જાણીતા ગાયક કલાકાર દીપક જોશી હાજર રહ્યા હતા આ કેમ્પ સાથે વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખેલ હતો જેમાં ભાવનાબેન ચીખલીયા ફાઉન્ડેશન તરફથી તેમજ મહાત્મા ગાંધી નર્સિંગ કોલેજ તરફથી ૨૫૦૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરશે આ કેમ્પમાં આજરોજ ૧૨૫ થી વધારે બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું ખાસ એક જ પરિવારના વિઠલાણી પરિવારએ એક સાથે પાંચ વ્યક્તિઓએ બ્લડ ડોનેટ કર્યું હતું જેમાં ડો ડીપી ચીખલીયા ગીરીશભાઈ કોટેચા અમુભાઈ પોકીયા ભાવનાબેન પોકીયા દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## ધોરાજીનાં મહેશ નગરમાં વરસાદી પાણી ભરાતાં સ્થાનીક લોકોને ભારે હાલાકી પડી



ધોરાજી, તા. ૧ઃ ધોરાજીમાં ધોધમાર વરસાદ પડતાં શહેર નાં ભૂખી ચોકડી પાસે આવેલા મહેશ નગર વિસ્તારમાં વરસાદી પાણી ભરાતાં સ્થાનીક લોકો ને ભારે હાલાકી ભોગવવી પડી હતી. સ્થાનીક લોકો એ જણાવ્યું હતું કે મહેશ નગર માં વરસાદી પાણી ભરાવા મામલે અવારનવાર તંત્ર વાહકો ને રજૂઆત કરાઇ હોવા છતાં નક્કર કામગીરી નહીં કરાતાં લોકો ને હાલાકી વેઠવી પડી રહી છે ત્યારે નગરપાલિકા તંત્ર વાહકો વરસાદી પાણી નિકાલ ની કામગીરી કરે તેવી માંગણી કરાય છે.

## ધોરાજીના નાની પરબડી ગામમાં ૪ ઈંચ વરસાદને કારણે નદી બની ગાંડીતુર

- **નાની પરબડીથી જુનાગઢ જવાનો ૧૮ ગામને જોડતો રસ્તો ફુલજર નદીમાં ઘોડાપૂરને કારણે બંધ થતા લોકોમાં મોટી હાલાકી**

ધોરાજી, તા. ૧ઃ સમગ્ર સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ ને કારણે ધોરાજી પંથકમાં પણ ગઈકાલે રાત્રે થી સવાર સુધીમાં ભારે વરસાદ આવતા અને ધોરાજી તાલુકાના નાની પરબડી

ગામ ખાતે ચાર ઇંચ જેવો વરસાદ આવતા ફુલસર નદીમાં ઘોડાપૂર આવ્યું હતું અને ભારે વરસાદ ને કારણે નાની પરબડી થી જુનાગઢ ચોકી જવાના રસ્તા વચ્ચે આવેલો ફુલજર નદી નો કોજવે પુલ પાણીમાં ગરકાવ થઈ જતા ૧૮ ગામનો વ્યવહાર અવરજવર માટે તૂટી ગયો હતો



તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

અને આ સમયે વિદ્યાર્થીઓને અભ્યાસ કરતા હોય તેમને મોટી મુશ્કેલી પડી હતી તેમજ સવારે ગેસના સિલિન્ડર બાટલા લઈને નાની પરબડી તરફ આવતો હતો ત્યારે પાણીમાં ગરકાવ અચાનક થઈ જતા નાની પરબડીના ગ્રામજનોએ તાત્કાલિક ટ્રેક્ટરની મદદથી બોલેરો અને તેમના ડ્રાઇવરને બચાવી લીધો હતો

આ સમયે નાની પરબડીના ગ્રામજનોએ પોતાની વ્યથા ફેલાવતા જણાવેલ કે દર વર્ષે ફુલઝર નદીમાં પુર આવે ત્યારે નાની પરબડી થી ચોકી વડાલ જુનાગઢ તરફ જતા ૧૮ ગામનો વ્યવહાર ખોરવાઈ જાય છે છેલ્લા ઘણા વર્ષોથી અમારી માગણી છે કે આ બેઠો પુલ છે તેના કારણે આ સમસ્યા સર્જાય છે.

# સરગમ ક્લબ સંચાલિત રામનાથપરા મુક્તિધામમાં ૨૫૦૦ અસ્થિનું પૂજન કરાશે

રાજકોટ, તા.૧: રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત સરગમ ક્લબ સંચાલિત શહેરના મધ્યમાં રામનાથપરા મુક્તિધામમાં જાન્યુઆરી-૨૦૨૪ થી જૂન-૨૦૨૪ સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ અપાયા હતા. શહેરના રામનાથપરા મુક્તિધામમાં જાન્યુઆરીથી જૂન સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ આપ્યો હતો. તેમનો અસ્થી પૂજનનો કાર્યક્રમ તા.૭/૭ ને રવિવારે સવારે ૮:૩૦ થી ૧૦:૩૦ વાગ્યા સુધી બ્રાહ્મણોએ શાસ્ત્ર વિધિ મુજબ યોજાશે મૃતકોના તમામ સ્વજનોને સરગમ ક્લબ દ્વારા વ્યક્તિગત પત્ર લખી જાણ કરવામાં આવેલ છે. રવિવારે અસ્થી પૂજનની વિધી માટે પરિવારના સદસ્યોએ રામનાથપરા મુક્તિધામમાં આવું. સરગમ ક્લબ આગામી તારીખ ૧૧/૦૭/૨૦૨૪ મી ગુરૂવાર એ આ તમામ અસ્થિઓનું વિસર્જન હરિદ્વાર મૂકામે સવારે ૭ કલાકે હરકિ પેઠી ઉપર થશે. દરેક મૃતક વ્યક્તિનું નામ બોલી બોલીને અસ્થિઓનું હરિદ્વારમાં વિસર્જન કરાશે.



ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે, સરગમ કલબના દરેક હોદેદાર સ્વખર્ચે અસ્થિનું વિસર્જન કરવા હરિદ્વાર જશે. જે પરિવારના વ્યકિતનાં અવસાન થઈ ગયેલ છે. તેમના પરિવારને કૂરિયર મારફત લેટર મોકલી આપેલ છે. જે પરિવારને અસ્થિ જુદા રાખવા હોય તેમને તા.૬/૭ સુધીમાં રામનાથપરા મુક્તિધામ ની ઓફિસમાં જાણ કરવા વિનંતિ. જો આપ જાણ નહિ કરોતો તો અમે તમામ ના અસ્થી હરદ્વાર મૂકામે અમો અસ્થિ વિસર્જન માટે સાથે લઈ જશું. કોઈપણ વ્યક્તિનેઆનાં માટે પૂછપરછ કરવી હોય તો ફોન નંબર : ૨૨૨૧૯૫૦ / ૨૨૩૭૯૦૦ તેના ઉપર સંપર્ક કરવો. સમગ્ર અસ્થી પૂજનની વ્યવસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાનાં માર્ગદર્શન નીચે અને મુક્તીધામના ઈન્ચાર્જ રમેશભાઈ અકબરી સાથે મનસુખભાઈ ધંધુકિયા, અને બંને કલબના તમામ કમિટી મેમ્બર વ્યવસ્થા સંભાળશે.

## વી.વી.પી.માં ટ્રસ્ટી તરીકે GTUના પૂર્વ કુલપતિ ડો. નવીનભાઈ શેઠની નિયુકતી



રાજકોટ, તા.૧ એન્જીનીયરીંગ વી.વી.પી. કોલેજ, ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટિકચર કોલેજ તથા કીચ સ્કૂલ ઓફ ઈન્ટિરિયર ડિઝાઈનમાં ટ્રસ્ટી મ તરીકે GTUમાં બે ટર્મ કુલપતિ રહી ચૂકેલા ડો. નવીનભાઈ શેઠની નિયુકતી કરવામાં આવી છે. ડો.નવીનભાઈ શેઠે એમ ફાર્મ, pH D, LL.B., PG DBM, સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી. (જીટીયુ)ના બે ટર્મ સુધી રહ્યા, રાજકોટની બી.કે.મોદી સરકારી ફાર્મસી કોલેજમાં પ્રિન્સિપાલ રહી ચુક્યા છે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ફાર્મસી ડિપાર્ટમેન્ટના વડા અને ડીન તરીકે કામ કરેલું છે.

તેમના નામે ત્રણ પેટન્ટ ગ્રાન્ટ થયેલ છે. રિસોર્સ પર્સન તરીકે જર્મની અમેરિકા, ચીન, પોલેન્ડ, આફ્રિકા, ઈરાન નેપાળ વગેરે દેશોની યુનિવર્સિટીઓમાં પ્રવચન આપેલ છે. જુદા જુદા ૧૦૦ થી વધુ સંશોધન પત્રો પ્રસિદ્ધ જર્નલોમાં પ્રસિદ્ધ થયા છે.કેન્દ્ર સરકાર દ્વારા યુ જી સી., એઆઈસીટીઈ, ગુજરાત વિદ્યાપીઠ વગેરેમાં અનેક કમિટીઓના સભ્ય તરીકે ફરજ બજાવે છે.

નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU)માં તેઓને C Emeritus પ્રોફેસર તરીકેનું બહુમાન મળેલું છે. તેઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએથી અનેક એવોર્ડ મળેલા છે. હાલ તેઓ એનબીએ (NBA) અને નેક (NAAC) તેમજ UGCની વિવિધ કમિટીઓમાં ચેર પર્સન અને મેમ્બર તરીકે સેવા આપે છે. તેમજ સમગ્ર ગુજરાતની એકમાત્ર એઈમસ (AIIMS) રાજકોટના તેઓ બોર્ડના મેમ્બર છે. અને ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન જીપીએસસી ના કમિશનના સભ્ય તરીકે પણ સેવાઓ આપી છે. વીવીપીના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુક્લ, હર્ષલભાઈ મણીયાર, ડો સંજીવભાઈ ઓઝા અને ડો નરેન્દ્રભાઈ દવે સાથે હવે ડો. નવીનભાઈ શેઠની ટ્રસ્ટી તરીકે નિમણુંક થતા શિક્ષણ ક્ષેત્રે તેમના બહોળા અનુભવનો વી. વી પી. અને સમગ્ર રાજકોટ તથા સૌરાષ્ટ્રને લાભ મળશે.

## આજે યોગિની એકાદશી

રાજકોટ, તા.૧:

જેઠ વદ અગીયારશને મંગળવાર તા.૨-૭-૨૪ના દિવસે યોગીની એકાદશી છે. જીવનમાં જ્ઞાન,વિદ્યા અને યોગનું મહત્વ સૌથી વધારે અને ખાસ છે. જેનાથી સંયમ રાખી સકાય છે.

**યોગીની એકાદશીનું પૂજન :** મંગળવારે સવારે વહેલા ઉઠી અને નિત્ય કર્મકરી ત્યારબાદ સ્નાન કરી પીળા અથવા સફેદ અથવા તો લાલ વસ્ત્ર ધારણ કરવા શુભ રહેશે..ત્યાર બાદ એક બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરી અને તેનાં ઉપર વિષ્ણુ ભગવાનની છબી પધરાવી બાજુમા ઘીનો દિવો કરી ત્યાર બાદ ભગવાનને ચાંદલો, ચોખા કરી ફુલ છબી ઉપર પધરાવવું, અબીલ, ગુલાલ પધરાવી ભગવાનને ધુપબત્તી અર્પણ કરવી. નૈવેદ્યમાં સાકર ખાસ ધરવી, આરતી કરી અને ભગવાનની ક્ષમાયાચના માંગવી, ત્યાર બાદ યોગીની એકાદશીની કથા વાંચવી અને પછી શિવજીનાં મંદિરે જઈ અને મહાદેવજીને પાણીનો એક લોટો ચડાવવો, સાંજે ભગવાનનું કિર્તન કરવું, રાત્રીનાં ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરવું, બપોરે સુવું નહી. આ દિવસે ઉપવાસ રહેવો શ્રેષ્ઠ ગણાશે.



### યોગીની એકાદશીનું વ્રત કરવાથી કુંડળીમાં જો શની રાહુનો શ્રાપિત દોષ હોય તો તેમાં રાહત થાય છે. શરીરમાં ચામડીની બિમારી હોય તો દૂર થાય છે. જીવનનાં બંધનો દૂર થાય છે

**ફળ કથન**

યોગીની એકાદશીનું વ્રત કરવાથી કુંડળીમાં જો શની રાહુનો શ્રાપિત દોષ હોય તો તેમાં રાહત થાય છે. શરીરમાં ચામડીની બિમારી હોય તો દૂર થાય છે. જીવનનાં બંધનો દૂર થાય છે.

**કથાનો બોધ**

જીવનમાં હંમેશા સંયમ રાખવો મોહ માયાથી દૂર રહેવું અને પોતાનાં કામકાજમાં નિષ્ઠાપૂર્વક કામ કરવું.

# શિવાજી સેના ગુજરાત સાંસ્કૃતિક સેલ દ્વારા રાજકોટ ખાતે ભવ્ય સન્માન સમારોહ યોજાયો

રાજકોટ, તા. ૨ઃ શિવાજી સેના ગુજરાત સાંસ્કૃતિક દ્વારા આયોજિત ભવ્ય સન્માન સમારોહ માં અટલ બિહારી વાજપેયી હોલ રાજકોટ ખાતે એવોર્ડ શો યોજાયો હતો શિવાજી સેના અધ્યક્ષ વિક્રમભાઈ સોરાણી અને સાંસ્કૃતિક સેલ સિંગર કલાકાર રાજુભાઈ સાકરીયા અને શિવાજી ટીમ ભારે જહમત ઉઠાવી હતી આ કાર્યક્રમમાં નાના થી માંડીને મોટા સિંગરો એક્ટરો સંગીતકારો વગેરે એકબીજાના સહભાગી બને એ હેતુથી આ તરફ આ કાર્યક્રમ ની ભવ્ય હેતુથી આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તેમ જ આ કાર્યક્રમમાં હાજરી આપવા મહેમાન કોળી સમાજને અધ્યક્ષ ધર્મેશભાઈ ઝીંઝુવાડીયા ગગન જેઠવા ભજનીક ખીમજીભાઇ ભરવાડ




તસવીર અહેવાલઃ બાબુભાઈ ડાભી – બામણબોર





બટુક ઠાકોર ફિલ્મી એક્ટર અને કોમેડી એક્ટર સોંગ જેવા કલાકાર રાધા વસોટા ્ સોનલ શાહ દિદુ એક્ટર ને બેસ ખાન લાખાણી એક્ટર જુનિયર જગદીશ ઠાકોર ડોક્ટર રાયધન મકવાણા કલાકાર આનંદીબેન તાવિયા લીલાબેન રાઠોડ એક્ટર વિનોદ ચાવડા પત્રકાર રિપોર્ટર બાબુભાઈ ડાભી બામણબોર પત્રકાર જેસીંગભાઇ સારોલા સાયલા તેમજ ફિલ્મી ડાયરેક્ટર પ્રોડક્શન ગુજરાતમાંથી સિંગરો કલાકારો એક્ટરો આ કાર્યક્રમ સફળ બનાવવા વિક્રમભાઈ સોરાણી રાજુભાઈ સાકરીયા નાના મોટા કલાકારો એક્ટરો સંગીતકારો કલાકારો ૮૦૦થી માંડીને હજાર કલાકારો તથા સિંગોરોએ એક્ટરોએ મોટી સંખ્યામાંથી ઉપસ્થિત રહ્યા હતા.

# યાત્રાધામ વિરપુરમાં ફરજનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પીજીવીસીએલના બાહોશ અધિકારી જે.જે.રાવલ

## ■ યાત્રાધામના અનેક વિસ્તારોમાં લો વોલ્ટેજની સમસ્યાઓનું નિરાકરણ કરતા લોકો ખુશ

**( ભાગ્યેશ ડોબરીયા-વીરપુર)**

વીરપુર, તા. ૧ઃ સૌરાષ્ટ્રનું સુપ્રસિદ્ધ યાત્રાધામ વિરપુર કે જ્યાં વીજળીને લગતી અનેક સમસ્યાઓ હતી, વીરપુર પીજીવીસીએલના કોલ સેન્ટરમાં વિરપુર ટાઉન તેમજ સિમ વિસ્તારમાં પણ ખેડૂતોની વીજળી સમસ્યાઓની અનેક ફરિયાદો આવતી પરંતુ છેલ્લા ચાર થી પાંચ માસમાં જ પીજીવીસીએલ ગોંડલ ગ્રામ્ય પેટા વિભાગ -૨ કચેરીમાં નાયબ ઈજનેરની પોસ્ટ પર ફરજ તરીકે જયકુમાર રાવલની નિમણૂક થતા આ બાહોશ અધિકારીએ યાત્રાધામ વીરપુરમાં છાસવારે ઉઠતી વીજળીની સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવા માટે પોતાની આગવી સૂઝબૂઝથી કામગીરી હાથ ધરી જેમાં કાર્યપાલક ઈજનેર સાહેબ તેમજ એચ.બી.ધડૂક સાહેબ ડિવિઝન ઓફિસની સૂચના મુજબ વિરપુર એક યાત્રાધામ હોય જેમને લઈને અન્ડર ગ્રાઉન્ડ સ્કીમ હેઠળ ઈલેવન કે.વી.લાઇન એક કિમિ જેટલી અન્ડર ગ્રાઉન્ડ કરી વિરપુર આવતા યાત્રાળુંઓની તેમજ લોકોની સલામતી અને સેફટી માટે ખૂબ જ પ્રશનિય કામગીરી કરી તેમજ વિરપુરના ગંગાનગર, નવદિપ પાર્ક,ચાવડી પરા સહીતના અનેક વિસ્તારોમાં છેલ્લા બે વર્ષથી લો અને હાઈ વોલ્ટેજની સમસ્યાઓ સર્જાતી હતી જેમને લઈને ત્યાં રહેતા લોકોને વાંરવાર વીજ સમસ્યાઓ રહેતી ત્યારે જયકુમાર રાવલે પીજીવીસીએલના હેલ્પરોની ટિમ સાથે રહીને અનેક વિસ્તારોમાં સત્વરે નવા ટ્રાન્સફોર્મર (ટીસી) ઉભા લો વોલ્ટેજની સમસ્યાઓનું નિરાકરણ કર્યું, જયારે વિરપુરના કેટલાક વિસ્તારોમાં કે જયાં લોકોની અવજાવ વધારે રહેતી હોય એની સતત લોકોનો ટ્રાફિક રહેતો હોય ત્યાં એલટી લાઇનના ખુલ્લા વાયરોમાં એબીસી કેબલિંગનું કામ કરાવીને ખુલ્લાં વાયરોને દૂર કરીને કોઈ અકસ્માતનો ભય ન રહે તેવી કામગીરી કરવામાં આવી હતી, તો બીજી તરફ રેલ્વે સ્ટેશન રોડ ઉપર ૧૦ મીટર ના પોલ ઉભા કરી લાઈન અને જમીન વચ્ચેની ઉચ્ચાઈ વધારેલ અને જુના લોખંડના પોલ હટાવેલ જેથી કરીને અકસ્માતનો કોઈ ભય ન રહે તેવી કામગીરી કરાઈ જ્યારે વીરપુર ગ્રામ પંચાયત હેઠળ આવતી સ્ટ્રીટ લાઈટોના પ્રશ્નને પણ વાચા આપી કાર્યહવાહી કરવામાં આવી હતી. પ્રીમોન્સૂનની કામગીરી હેઠળ વિરપુર ગામના વિસ્તારોમા તમામ જુના ટ્રાન્સફોર્મર બદલી નવા ટ્રાન્સફોર્મર લગાવવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે આમ જગ વિખ્યાત યાત્રાધામ વિરપુરના લોકોના અનેક વીજ પ્રશ્નોના સત્વરે નિરાકરણ લાવી પીજીવીસીએલના નાયબ ઈજનેર જયકુમાર રાવલે પોતાની કર્મનિષ્ઠ કામગીરીથી લોકોના અનેક વીજ પ્રશ્નોના સુખદ નિરાકરણ લાવી જે બદલ યાત્રાધામ વિરપુરના ગ્રામજનોએ કર્મનિષ્ઠ જયકુમાર રાવલ તેમજ સાથી કર્મચારીઓની સરાહનીય કામગીરી બદલ તેમનો આભાર વ્યકત કર્યો હતો.



# જેતપુરના કેરાળી ગામ નજીક ભાદર નદીની ધાબીમાં પ્રદુષિત પાણીના ફીણના ગોટેગોટા ઉડ્યા

જેતપુર, તા. ૧ઃ રાજકોટ જિલ્લાના જેતપુરનું નામ તેના સાડી ઉદ્યોગ સાથે પ્રદુષણમાં પણ પ્રખ્યાત છે. જેતપુરના પ્રદુષણના પાપીઓએ નદી-નાળાને પ્રદુષિત કરી નાંખ્યા છે ત્યારે જેતપુરના ઉપરવાસમાં વરસાદ વરસતા નાના મોટા ૮ જેટલા ચેક ડેમો આવેલ છે અને આ ચેક ડેમો ભરાઈ જતાં જેતપુરના પ્રદુષણના પાપીઓએ પ્રદુષિત પાણી છોડીને ભરી દીધા છે. છેલ્લા ૨ દિવસમાં જ્યારે મેઘરાજા મન મૂકીને વરસ્યા ત્યારે આ ડેમોમાં વરસાદી પાણી આવ્યું અને તે સાથેજ આ પ્રદુષિત પાણીએ પોતાની જાત બતાવી છે. અને કેરાળી ગામ જવાના રસ્તે આવેલ ચેક ડેમ કેમિકલથી બનતા ફીણના ગોટે ગોટા હવામાં ઉડવા લાગ્યા છે. સમગ્ર ચેક ડેમ આ પ્રદૂષણના કેમિકલ વાળા પાણીથી બનેલા ફીણના ગોટાથી. જાણે એવું લાગે કે બરફની ચાદર પથરાય ગઈ હોય પરંતુ



ના આ તો કેમિકલનું હદ વટાવી ગયેલ છે.

પ્રદુષણ વધતું જતું હોવાની અસંખ્ય ફરીયાદોના થોથા દિવસે ને દિવસે વધવા પામ્યા છે. પ્રદુષણ માફિયાઓ જાણે ભાદર નદી માલિકીની હોઈ તેમ કેમિકલયુક્ત પાણી નદીમાં બેફિકરાઈથી ઠાલવી રહ્યા છે બે દિવસથી મેઘરાજાએ વરસાદની ઝલક ઉદ્ભવતાની સાથે જેતપુર તાલુકાના કેરાળી જવાના કોઝવે પર ભાદર નદીના અચાનક કેમિકલ યુક્ત પાણીના ફીણ જોવા પ્રદુષણ પાપીઓની છબી છતી થઇ હતી.જો કે અમુક પ્રોસેર્સ ધારકો રાત્રીના સમયે ટેન્કરો કે ભુર્ગભ પાઇપો દ્વારા નદીમાં ટ્રીટ કર્યા વગરનું સીલીકિટ-કાસ્ટીક સહિતના રાસાયણીક તત્વોથી ભરેલ કેમીકલ યુક્ત પ્રદુષીત પાણી સીધુ ભાદર નદીમાં છોડી પર્યાવરણની ઘોર ખોદી રહ્યા છે. પ્રદુષણ બોર્ડને પણ ધોળા દિવસે પણ આંખ આડા કાન કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. પ્રદુષણ નિયત્રંણ કંટ્રોલ બોર્ડના અધિકારીઓ સાથે જેતપુરના પ્રદૂષણ માફિયા સાઠ ગાંઢો ધરાવતા હોવાથી પ્રોસેર્સના કેમીકલ ઠાલવતા મગરમચ્છોને પાછલા બારણેથી સાચવવાની ટેવાયેલ અધિકારીના વાંકે જેતપુર તાલુકાના ગ્રામ્ય વાસીઓ તેમજ નદીના ઉપરવાસમાં પાણીનો પ્રશ્ન પ્રજાને સહન કરવાનો વારો આવી રહ્યો છે. આટલી હદે પ્રદુષણ નદીઓમાં ઠાલવાવ છતાં કોઈ અધિકારી એક શબ્દ માત્ર ઉચ્ચારવા તૈયાર નથી. અબોલ પશુઓના જીવ લેશે કે પછી જેતપુર તમામ ખેડૂતોની જમીન બંજર કરશે?? આવું લોક મુખે સર્વત્ર ચર્ચાઈ રહ્યું છે.‘‘

## બાજ ખેડાવાળ મહિલા પરીષદ દ્વારા ડો. શ્વેતા મહેતા ત્રિવેદીનું અભિવાદન




રાજકોટ, તા. ૧ઃ રાજ સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ, ડો.યાજ્ઞિક રોડ, માલવીયા ચોક, રાજકોટ ડો. શ્વેતા મહેતા ત્રિવેદી દ્વારા ગાયનેક ફ્રી નિદાન કેમ્પનું તા. ૩૦/૦૬/૨૪ રવિવારના રોજ યોજાયેલ, જેમાં સમાજની તેમજ અન્ય જ્ઞાતિના બહેનોએ નિશુલ્ક નિદાન તેમજ બ્લડ લેબોરેટરી રીપોર્ટ ફ્રી માં કેમ્પનો અદભુત ધસારા સાથે લાભ લીધેલ. શ્રી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રહ્માણ વિદ્યા પ્રસારક મંડળ, સ્વ. ડી.એમ.જોષી સ્મૃતિ ટ્રસ્ટ, (મેડીકલ) રાજકોટ તેમજ બાજ મહિલા પરીષદના શ્રી ટવીંકલ મહેતાની આગેવાની હેઠળ મહિલાઓની ટીમ દ્વારા ડો. શ્વેતા મહેંતા ત્રિવેદીનું પુષ્પગુચ્છથી સન્માન કરેલ, ડો.શ્વેતા ને તેમના નવા કલીનીક નિમિતે નિરંતર પ્રગતિ કરતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવેલ અને અભિવાદન કરેલ. મંડળના માનદ્ મંત્રી વિપુલ દવેની યાદીમાં જણાવાયું છે.

## વેરાવળના અખિલ ભારતીય ગ્રાહક પંચાયત દ્વારા ઓનલાઇન ગેમની જાહેરાત બાબતે વિરોધ

ગીર સોમનાથ, તા. ૧ઃ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે અખિલ ભારતીય ગ્રાહક પંચાયતના વેરાવળ શહેર શાખા દ્વારા ઓનલાઇન ગેમને પ્રોત્સાહિત કરતા એક્ટરો, ફિલ્મસ્ટાર્સને ચેતવણી આપવામાં આવેલ કે આપના દ્વારા ઓનલાઈન ગેમ કે જે એક જુગારની પરિભાષા ગણી શકાય તેવા મતલબની જાહેરાત સોશિયલ મીડિયા તેમજ ટીવીના માધ્યમથી અપાય છે.

આવી જાહેરાત થી પ્રજાને નુકશાન કરતા છે આવી જાહેરાતથી બાળકો ઉપર ખુબજ ખરાબ અસર પડે છે.

સાથે અણસમજુ વ્યક્તિઓને આદત પડવાથી આર્થિક નુકશાની ભોગવનો વારો આવે છે. લાભ લાલચમાં આવી લોકો ઓનલાઈન ગેમના ભરડામાં ફસાઈ જાય છે અને પોતાની સાથે પરિવારને શારીરિક, માનસિક તેમજ આર્થિક રીતના



પાયમલ કરતા હોય છે માટે આવી ગેમો માટે જાહેરાત ન કરવા વિરોધ દર્શાવ્યો હતો

આ અંગેની જાણકારી પત્ર લખી વિરોધ ના સરૂપમાં લેખિત ફરિયાદ સ્પીડ પોસ્ટ દ્વારા મોકલવામાં આવી હતી..

આ કાર્યમાં વેરાવળ શહેર પ્રભારી અનિષ રાંચ્છ, મુકેશ ચોલેરા, એડવોકેટ જયદીપ કાનાબાર, એડવોકેટ જીગ્નેશ વાજા, એડવોકેટ કરણ રાયઠ્ઠા, સહિતના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. ગીર સોમનાથ જિલ્લા પ્રભારી શ્રી દેવાંગભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ગીર સોમનાથ પોલીસ વિભાગ દ્વારા જનસંપર્ક માર્ગદર્શન સેમિનાર સોમનાથ શ્રીરામ ઓડિટોરિયમ ખાતે આયોજિત થયો હતો તેમાં ઉપસ્થિત રહી અખિલ ભારતીય ગ્રાહક પંચાયતના પેમ્પલેટ દ્વારા સર્વેને જાગૃત રહેવા માર્ગદર્શન અપાયું સાથે પોલીસ વિભાગ દ્વારા ઉંચા વ્યાજે નાણા ધીરનાર લોકો સામે કાર્યવાહી કરવા આયોજિત સેમિનારમાં ભાગ લીધો હતો આ તકે ડી.વાઈ.એસ.પી ખંગાર સાહેબ, સીટી પી આઈ ગૌસ્વામી સાહેબ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

# સુરત વિહળ મંડળ દ્વારા પાળિયાદ ઠાકર પૂજ્ય શ્રી નિર્મળાબા ઊનડબાપુનુ સન્માન

(કનુભાઈ ખાચર દ્વારા )

સુરત, તા. ૧ઃ લાખો લોકોની શ્રધ્ધાનું કેન્દ્ર એવાં પૂજ્યશ્રી વિસામણબાપુની જગ્યા વિહળધામ પાળિયાદની દિવ્ય પરંપરા વર્ષોથી સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટે સમર્પિત રહી છે અને આથીજ સમગ્ર ભારત ભરના તમામ પરમ આદરણીય સંતો - મહંતશ્રીઓ અને સાધુ સમાજનો વર્તમાન મહંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ઊનડબાપુ તથા અખિલ ભારતીય સંત સમિતિના સદસ્ય શ્રી તથા વિહળધામ પાળિયાદના પ્રેરક,સંચાલક આદરણીયશ્રી ભયલુબાપુ માટે વિશેષ આદરભાવ અને સ્નેહ રહ્યોં છે.

શ્રી સનાતન ધર્મ સંસ્થાન પાળિયાદના શ્રી વિસામણબાપુની જગ્યાનાં મહંત પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ઊનડબાપુને વિશેષ પદ આપતાં સમગ્ર ભારતના સનાતન ધર્મના સભ્યશ્રી તરીકે નિયુક્ત કરવામાં આવતાં પૂજ્ય બા માટે સવિશેષ આદરભાવ, ગૌરવ અને સવિશેષ આનંદ અનુભવતાં સુરત વિહળ પરિવાર દ્વારા સુરત મુકામે પુજ્ય બાનુ અને આદરણીય શ્રી ભયલુબાપુનુ ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય અવસરે વિહળ મંડળ સુરત સેવક પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો અને ભજન,ભોજન સાથે વિહળ મંડળ દ્વારા ભવ્ય સન્માન કરી પોતાનો અહોભાવ વ્યક્ત કરવામાં આવ્યો હતો...ખાસ આ યાદગાર અવસરે સમગ્ર કાર્યક્રમના સુંદર સંકલનની જવાબદારી શ્રી ઘનશ્યામભાઈ,શ્રી રમેશભાઈ, શ્રી અરવિંદભાઈ તથા શ્રી દિનેશભાઈએ તથા વિહળ મંડળની મોટી સંખ્યામાં હાજર ટીમે બજાવી હતી..

# રાજકોટના પૂર્વ પોલીસમેન નાગાર્જુનભાઈ આગઠે ઈંગ્લેન્ડની મેમ્બર ઓફ પાર્લામેન્ટની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભર્યું

રાજકોટ, તા. ૧ઃ રાજકોટ શહેર પોલીસમાં અગાઉ ફરજ બજાવતા અને હાલ યુકે પરિવાર સાથે સ્થાયી થયેલ નાગાર્જુનભાઈ આગઠ હાલ યુકેમાં એક સફળ બિઝનેસમેન અને ગત વર્ષ કાઉન્સિલર તરીકે આવેલ ઈંગ્લેન્ડના વડાપ્રધાન દ્વારા સામાન્ય ચૂંટણીની જાહેરાત થતા નાગાર્જુન ભાઈ આગઠ લેસ્ટર ઈસ્ટ વિસ્તારમાંથી ઈન્ડિપેન્ડન્ટ કેંડિડેટ તરીકે પોતાનુ ઉમેદવારી પત્રક ભર્યું છે. આ વિસ્તાર એશિયન સમુદાય બોહોળી વસ્તી ધરાવતો વિસ્તાર છે નાગાર્જુનભાઈ અને એમની



સેવન સ્ટાર એન્ટરટેનમેન્ટ ટીમ દ્વારા ગુજરાતના નામાંકિત કલાકારો કિર્તીદાન ગઢવી, માયાભાઈ આહીર, રાજભા ગઢવી, ગીતાબેન રબારી, ઉમેશ બારોટ અને સાયરામ દવે જેવા અનેક વિખ્યાત કલાકારોના પ્રોગ્રામ સફળ આયોજન કરવા માટે જાણીતા છે અને લેસ્ટર ઈસ્ટ માં નાગાર્જુનભાઈ આગઠ ખૂબ જ અપાર લોક ચાહના ધરાવે છે આગામી ૪ જુલાઈના રોજ ચૂંટણી યોજવાની હોય તેઓની જીતના ઉજળા સંજોગો ઊભા થયા છે લેસ્ટર ઈસ્ટમાં રહેતા તમામ સમુદાય નાલોકોમાં તેઓની ઉમેદવારી બદલ મોટા પ્રમાણમાં ઉત્સાહ જોવા મળ્યો છે.

### વરસાદની આ સિઝનમાં સ્વાસ્થ રહેવા માટે

# પીવો સુંઠનું પાણી, શરદી-તાવની સ્થિતિથી ચોક્કસપણે બચાવશે

વરસાદની ઋતુ પોતાની સાથે શાંતિની બે ક્ષણ લઈને આવે છે. આ સાથે અનેક સમસ્યા અને સ્વાસ્થ્ય સમસ્યાઓ પણ લઈને આવે છે. હવામાનમાં ફેરફારને કારણે વરસાદ દરમિયાન લોકોનું બીમાર પડવું સામાન્ય બની જાય છે. બાળકોથી માંડીને વૃદ્ધો અને પુખ્ત વયના લોકો શરદી, ઉધરસ અને ઉધરસ જેવા વાયરલ ઈન્ફેક્શનથી પરેશાન છે.વાસ્તવમાં, બેક્ટેરિયા વરસાદની મોસમમાં સક્રિય થઈ જાય છે, જે વાયરલ ચેપ અને રોગોનું કારણ બને છે. આવી સ્થિતિમાં, એ જરૂરી છે કે તમે વરસાદની ઋતુમાં કેટલીક ખાસ સાવચેતી રાખો અને તમારા આહારમાં કેટલીક વસ્તુઓનો સમાવેશ કરો, જે તમારી રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવી શકે છે અને તમને વાયરલ ઈન્ફેક્શનથી બચાવી શકે છે.આયુર્વેદિક ડૉક્ટર દીક્ષા ભાવસાર સાવલિયાએ તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી છે અને વરસાદની મોસમમાં સ્વસ્થ રહેવા માટે સૂકા આદુનું પાણી (ડ્રાય જીંજર વોટર બેનિફિટ્સ) પીવાની સલાહ આપી છે. આવો જાણીએ વરસાદમાં સૂકા આદુનું પાણી પીવાના ફાયદા અને આ પાણી કેવી રીતે બનાવવું.વરસાદની આ સિઝન તમારી સાથે સુકા આદુ પાચન તંત્રને પ્રોત્સાહન આપે છે, જે ખોરાકને યોગ્ય રીતે પચાવવામાં મદદ કરે છે. સુકા આદુ ચયાપચય અને ચરબી બર્નિંગને વેગ આપે છે, જે વજન ઘટાડવા અથવા નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે.સૂકા આદુના ગરમ ગુણધર્મો વરસાદની મોસમમાં શરદી અને ઉધરસને દૂર રાખવામાં મદદ કરે છે. આદુમાં બળતરા વિરોધી અને એન્ટીઑકિસડન્ટ ગુણધર્મો હોય છે, જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે.

# LPG સિલિન્ડરના ભાવમાં થયો ઘટાડો

નવી દિલ્હી, તા. ૧ઃ મોંઘવારીના માર વચ્ચે રાહતના સમાચાર મળી રહ્યા છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ફેરફાર કર્યા છે. ૧૯ કિલોગ્રામવાળા કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવ આજથી ૩૧ રૂપિયા સુધી ઘટી ગયા છે. દિલ્હીમાં હવે કોમર્શિયલ સિલિન્ડર ૧૬૭૬ ના બદલે ૧૬૪૬ રૂપિયામાં મળશે. કલકત્તામાં આ સિલિન્ડર હવે ૧૭૫૬ રૂપિયામાં મળી રહ્યો છે. પહેલાં તેના ભાવ ૧૭૮૭ રૂપિયા હતો.

મુંબઈમાં સિલિન્ડરનો જૂનો ભાવ ૧૬૨૯ રૂપિયા હતો જે હવે ૧૫૯૮ રૂપિયા થઇ ગયો છે. ચેન્નઈમાં સિલિન્ડર



૧૮૦૯.૫૦ રૂપિયામાં મળી રહ્યો છે. જોકે ૧૪.૨ KG વાળા ઘરેલૂ ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. દિલ્હીમાં આ ₹૮૦૩ અને મુંબઈમાં ₹૮૦૨.૫૦ નો મળી રહ્યો છે.

ઘરેલૂ એલપીજી સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેમાં છેલ્લે ૯ માર્ચ ૨૦૨૪ના રોજ ફેરફાર કરવામાં આવ્યો હતો અને ભાવમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. દિલ્હીમાં હવે ઘરેલૂ એલપીજી સિલિન્ડરનો ભાવ ૮૦૩ રૂપિયા, કલકત્તામા ૮૨૯ રૂપિયા, મુંબઈમાં ૮૦૨.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં ૮૧૮.૫૦ રૂપિયા છે.

નો ફેવર, નો ફિઅર...


# સામના મિરર

Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે

તમે પણ બનો ડિજિટલ...



## તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

Hi લખીને મોકલો

**98983 17826**



અને જોડાઇ જાવ અમારી સાથે...